પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ ● અંક : ૨૫૬ ● કુલ પાના : ૪ ● તારીખ : ૨૨-૦૬-૨૦૨૪ શનિવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com



પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦


## યોગે લોકોને અહેસાસ કરાવ્યો છે કે તેમની સુખાકારી તેમની આસપાસની દુનિયાની સુખાકારી સાથે જોડાયેલી છે,વડાપ્રધાન



શ્રીનગર,

૧૦માં ઈન્ટરનેશનલ યોગ દિવસ પ્રસંગે વડાપ્રધાને શ્રીનગરમાં યોગ કર્યા. આ કાર્યક્રમ દાલ લેકના કિનારે યોજાવાનો હતો, પરંતુ વરસાદના કારણે કાર્યક્રમને હોલમાં ખસેડવામાં આવ્યો હતો. અગાઉ કાર્યક્રમ સવારે ૬:૩૦ વાગ્યે શરૂ થવાનો હતો પરંતુ તે સવારે ૮ વાગ્યાની આસપાસ શરૂ થયો હતો. ઓપન એરિયામાં વડાપ્રધાન મોદી ૭ હજાર લોકો સાથે યોગ કરવાના હતા, પરંતુ વરસાદને લીધે હોલમાં શિફ્ટ થવાને કારણે માત્ર ૫૦ લોકોએ જ ભાગ લીધો હતો.

આ પ્રસંગે પીએમે કહ્યું- યોગની યાત્રા ચાલુ રહે છે. આજે વિશ્વમાં યોગ કરનારા લોકોની સંખ્યા સતત વધી રહી છે. યોગ એ માત્ર જ્ઞાન નથી પણ એક વિજ્ઞાન પણ છે. આવી સ્થિતિમાં એક વિષય પર ધ્યાન કેન્દ્રિત કરવું મુશ્કેલ બની રહ્યું છે. તેનો ઉકેલ પણ યોગમાં રહેલો છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે વિશ્વ યોગની શક્તિને ઓળખે છે. વિશ્વ યોગને વૈશ્વિક સુખાકારી માટે એક શક્તિશાળી એજન્ટ તરીકે જુએ છે. તે લોકોને ભૂતકાળનો બોજ વહન કર્યા વિના વર્તમાનમાં જીવવામાં મદદ કરે છે. પીએમ મોદીએ શ્રીનગરના એસકેઆઈસીસી ખાતે ૧૦મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસના મુખ્ય સમારોહને સંબોધિત કરતી વખતે આ વાત કહી.

વડા પ્રધાને કહ્યું કે યોગે લોકોને અહેસાસ કરાવ્યો છે કે તેમની સુખાકારી તેમની આસપાસની દુનિયાની સુખાકારી સાથે જોડાયેલી છે. વડા પ્રધાને કહ્યું, 'વિશ્વ યોગને વૈશ્વિક સુખાકારી માટે એક શક્તિશાળી એજન્ટ તરીકે જોઈ રહ્યું છે. યોગ આપણને ભૂતકાળનો બોજ વહન કર્યા વિના વર્તમાન ક્ષણમાં જીવવામાં મદદ કરે છે. વડા પ્રધાને કહ્યું, 'જ્યારે આપણે અંદરથી શાંતિપૂર્ણ હોઈએ છીએ, ત્યારે આપણે વિશ્વ પર પણ સકારાત્મક અસર કરી શકીએ છીએ... યોગ સમાજમાં સકારાત્મક પરિવર્તનના નવા માર્ગો બનાવે છે.'

વડાપ્રધાને કહ્યું કે વિશ્વભરમાં યોગ કરનારા લોકોની સંખ્યા દરરોજ વધી રહી છે અને આ દિનચર્યા તેમના રોજિંદા જીવનનો એક ભાગ બની રહી છે. પીએમે કહ્યું, 'યોગ કરનારા લોકોની સંખ્યા સતત વધી રહી છે. હું જ્યાં પણ જાઉં છું ત્યાં ભાગ્યે જ કોઈ (આંતરરાષ્ટ્રીય) નેતા હશે જે યોગના ફાયદા વિશે મારી સાથે વાત ન કરે.

તુર્કમેનિસ્તાન, સાઉદી અરેબિયા, મંગોલિયા અને જર્મનીના ઉદાહરણ આપતા પીએમ મોદીએ કહ્યું કે, "યોગ ઘણા દેશોમાં લોકોના રોજિંદા જીવનનો એક ભાગ બની રહ્યો છે. ધ્યાનનું આ પ્રાચીન સ્વરૂપ ત્યાં વધુને વધુ લોકપ્રિય થઈ રહ્યું છે.તેમના સંબોધનમાં, વડા પ્રધાને ૧૦૧ વર્ષીય ફ્રેન્ચ મહિલા ચાર્લોટ ચોપિનનો પણ ઉલ્લેખ કર્યો હતો, જેમને તેમના દેશમાં યોગને લોકપ્રિય બનાવવાની તેમની સેવાઓ માટે પદ્મશ્રીથી નવાજવામાં આવ્યા હતા. વડા પ્રધાને જણાવ્યું હતું કે યોગના વૈશ્વિક પ્રસારને કારણે તેના વિશેની ધારણામાં પરિવર્તન આવ્યું છે કારણ કે વધુ લોકો તેના વિશે અધિકૃત માહિતી મેળવવા માટે ભારતની યાત્રા કરી રહ્યા છે. તેમણે કહ્યું, 'અમે હવે ઉત્તરાખંડ અને કેરળ જેવા રાજ્યોમાં યોગ ટુરિઝમ જોઈ રહ્યા છીએ. લોકો ભારત આવી રહ્યા છે કારણ કે તેઓને અધિકૃત યોગ જોવા મળે છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે યોગ આજે લોકોને સામનો કરી રહેલી ઘણી સમસ્યાઓનું સમાધાન આપે છે. યોગ માત્ર જ્ઞાન જ નથી પણ એક વિજ્ઞાન પણ છે. માહિતી ક્રાંતિના આ યુગમાં માહિતી સ્ત્રોતોનો પૂર છે અને માનવ મન માટે એક વિષય પર ધ્યાન કેન્દ્રિત કરવું એક પડકાર છે. આનો ઉકેલ પણ યોગમાં રહેલો છે કારણ કે તે મનને એકાગ્ર કરવામાં મદદ કરે છે.

વડાપ્રધાને કહ્યું કે સેનાથી લઈને રમતગમત જગત સુધી દરેક વ્યક્તિએ યોગને પોતાની દિનચર્યામાં સામેલ કર્યો છે. વડાપ્રધાને કહ્યું કે અવકાશયાત્રીઓ અને અવકાશ પ્રોજેક્ટ્સ પર કામ કરતા લોકોને પણ યોગની તાલીમ આપવામાં આવે છે કારણ કે તેનાથી ઉત્પાદકતા તેમજ સહનશક્તિ વધે છે.

તેમણે કહ્યું કે ઘણી જેલોમાં કેદીઓને યોગ પણ શીખવવામાં આવે છે જેથી તેઓ સકારાત્મક વિચાર કરી શકે. પીએમ મોદીએ સંતોષ વ્યક્ત કર્યો કે જમ્મુ અને કાશ્મીરના લોકો પણ યોગ અપનાવી રહ્યા છે, જે કેન્દ્ર શાસિત પ્રદેશના પ્રવાસન ક્ષેત્રને મદદ કરશે. તેમણે કહ્યું, "ગઈકાલથી મેં જોયું છે કે શ્રીનગર અને બાકીના જમ્મુ અને કાશ્મીરમાં યોગ લોકપ્રિય થઈ રહ્યો છે. તે મોટી વાત છે કે ૫૦,૦૦૦ થી ૬૦,૦૦૦ લોકો યોગમાં સામેલ છે. તેનાથી અહીં વધુ પ્રવાસીઓ આવશે."

આ વર્ષની થીમ, 'સ્વ અને સમાજ માટે યોગ' વ્યક્તિગત સુખાકારી અને સામાજિક સમરસતા બંનેને પ્રોત્સાહન આપવા માટે યોગની મહત્વપૂર્ણ ભૂમિકા પર ભાર મૂકે છે, જેમાં પાથ ઓફ ડ્યુટી, મૈસુર અને યુનાઈટેડ ખાતે પણ વિવિધ પ્રતિષ્ઠિત સ્થળોએ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ યોગ કર્યા બાદ નાગરિકો સાથે વાતચીત કરી હતી નાગરિકાએ તેમની સાથે સેલ્ફી લીધી હતી એ યાદ રહે કે વડાપ્રધાન ગઈકાલે જમ્મુ કાશ્મીરના બે દિવસના પ્રવાસે પહોંચ્યા હતાં તોમણે રાજય માટે અનોક યોજનાઓની જાહેરાત કરી હતી. વડાપ્રધાન મોદીની યાત્રાને ધ્યાનમાં રાખી સમગ્ર રાજયમાં કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવાઈ હતી

## તમિલનાડુ નકલી દારૂ કેસઃ મૃત્યુઆંક ૪૭ પર પહોંચ્યો,વિધાનસભામાં ભારે હોબાળો

ચેન્નાઈ,

તમિલનાડુમાં ભેળસેળવાળો દારૂ પીવાથી અત્યાર સુધીમાં ૪૭ લોકોના મોત થયા છે. રાજ્યમાં આ મુદ્દો ચર્ચામાં છે અને શુક્રવારે જ્યારે વિધાનસભા સત્ર શરૂ થયું ત્યારે પણ વિપક્ષે હોબાળો મચાવ્યો હતો. ઘણા ધારાસભ્યોને બળજબરીથી વિધાનસભાની બહાર ફેંકી દેવામાં આવ્યા હતા અને બાદમાં પાછા બોલાવવામાં આવ્યા હતા. અહીં વિધાનસભાનું સત્ર ૨૯ જૂન સુધી ચાલવાનું છે. આવી સ્થિતિમાં આગામી દિવસોમાં આ મુદ્દે ચર્ચા નિશ્ચિત છે. આ કેસમાં પોલીસે અત્યાર સુધીમાં ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે, જેમને ૧૫ દિવસની જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલવામાં આવ્યા છે. તમિલનાડુ બીજેપી અધ્યક્ષ અન્નામલાઈએ પણ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને પત્ર લખીને સમગ્ર મામલાની સીબીઆઈ તપાસની માંગ કરી છે.

તમિલનાડુ વિધાનસભામાં પ્રશ્નકાળ દરમિયાન, અખિલ ભારતીય અન્ના દ્રવિડ મુનેત્ર કઝગમ (એઆઈએડીએમકે) ના સભ્યોએ કલ્લાકુરિચીમાં ગેરકાયદેસર દેશી દારૂની ઘટનાનો મુદ્દો ઉઠાવવાનો પ્રયાસ કર્યો, જેના પછી ઘણા પક્ષના સભ્યોને ગૃહની બહાર ફેંકી દેવામાં આવ્યા. બાદમાં મુખ્યમંત્રી સ્ટાલિનની અપીલ બાદ વિપક્ષી સભ્યોની હકાલપટ્ટી રદ કરવામાં આવી હતી. તમિલનાડુ વિધાનસભામાં વિપક્ષના નેતા કે. પલાનીસ્વામીએ બાદમાં જણાવ્યું હતું કે સત્ર દરમિયાન એઆઈએડીએમકે સભ્યોએ કલ્લાકુરિચીમાં ગેરકાયદેસર દેશી દારૂની ઘટનાનો મુદ્દો ઉઠાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ "અમને તેમ કરવાની મંજૂરી આપવામાં આવી ન હતી અને પાર્ટીના સભ્યોને બહાર ફેંકી દેવામાં આવ્યા હતા. તેમણે એઆઈએડીએમકે સભ્યોને ગૃહમાંથી હાંકી કાઢવાની કાર્યવાહીને "લોકશાહીની હત્યા" ગણાવી હતી. પલાનીસ્વામીએ દાવો કર્યો હતો કે કલ્લાકુરિચીમાં ગેરકાયદેસર દેશી દારૂ પીવાથી ૫૦ લોકોના મોત થયા છે.

વિધાનસભાના અધ્યક્ષ એમ. અપ્પાવુએ જણાવ્યું હતું કે એઆઈએડીએમકે સભ્યો પ્રશ્નકાળ દરમિયાન આ મુદ્દો ઉઠાવવા માગે છે, જે ગૃહના નિયમોની વિરુદ્ધ હતો. તેમણે કહ્યું કે વિધાનસભાના સભ્યો પ્રશ્નકાળ પૂરો થયા પછી જ શૂન્યકાળ દરમિયાન કોઈપણ મુદ્દો ઉઠાવી શકે છે. જ્યારે એઆઈએડીએમકે સભ્યો તેમની માંગ પર અડગ રહ્યા, ત્યારે સ્પીકરે તેમને ગૃહની બહાર ફેંકી દેવાનો આદેશ આપ્યો. તેમણે એમ પણ કહ્યું કે વિરોધ પક્ષના ધારાસભ્યો આજે કાર્યવાહીમાં ભાગ લઈ શકશે નહીં. બાદમાં મુખ્ય પ્રધાન એમકે સ્ટાલિને વિધાનસભા અધ્યક્ષને મુખ્ય વિપક્ષી દળના સભ્યોને ગૃહની કાર્યવાહીમાં ભાગ લેવાની મંજૂરી આપવા અપીલ કરી હતી. અપ્પાવુએ તેમની અપીલ સ્વીકારી અને એઆઈએડીએમકે ધારાસભ્યોને ગૃહમાં પાછા ફરવા કહ્યું. પલાનીસ્વામી સહિત વિપક્ષી પાર્ટીના ધારાસભ્યો કાળા શર્ટ પહેરીને વિધાનસભામાં આવ્યા હતા.

તમિલનાડુના કલ્લાકુરિચી જિલ્લામાં ઘણા લોકોએ ગેરકાયદેસર દેશી દારૂ પીધો હતો. આ પછી આ લોકોની તબિયત બગડવા લાગી અને એક પછી એક મોત થવા લાગ્યા. અત્યાર સુધીમાં ઝેરી દારૂના કારણે કુલ ૪૭ લોકોએ જીવ ગુમાવ્યા છે. આ સંબંધમાં, ૪૯ વર્ષીય કે. કન્નુકુટ્ટી (ગેરકાયદે દારૂ વેચનાર)ની ધરપકડ કરવામાં આવી છે અને તેની પાસેથી જપ્ત કરાયેલા લગભગ ૨૦૦ લિટર ગેરકાયદેસર દારૂની તપાસમાં જાણવા મળ્યું છે કે તેમાં જીવલેણ 'મિથેન' છે. આ મામલામાં બેદરકારી બદલ ૯ પોલીસકર્મીઓને પણ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

સીએમ એમકે સ્ટાલિને ઝેરી દારૂના કારણે જીવ ગુમાવનારાઓને ૧૦ લાખ રૂપિયાના વળતરની જાહેરાત કરી છે. તે જ સમયે, દારૂના કારણે બીમાર પડેલા લોકો માટે ૫૦ હજાર રૂપિયાની આર્થિક સહાયની જાહેરાત કરવામાં આવી છે. પૂર્વ ન્યાયાધીશ જસ્ટિસ બી ગોકુલદાસને આ મામલાની તપાસ કરીને ૩ મહિનામાં રિપોર્ટ આપવાનું કહેવામાં આવ્યું છે. જસ્ટિસ ગોકુલદાસ તપાસ સમિતિના એકમાત્ર સભ્ય છે.

## રથયાત્રા પહેલા ગૃહ પ્રધાન હર્ષ સંઘવીએ જગન્નાથ મંદિરની મુલાકાત લીધી



અમદાવાદ,

ભગવાન જગન્નાથની રથયાત્રાને હવે ગણતરીના દિવસો જ બાકી છે. ત્યારે રથયાત્રાની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. રથયાત્રા પહેલા ગૃહ રાજ્ય પ્રધાન હર્ષ સંઘવી જગન્નાથ મંદિરની મુલાકાતે લીધી. જ્યાં હર્ષ સંઘવીએ રથયાત્રાની તૈયારીઓ અને સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરી છે. મંદિર ટ્રસ્ટ સાથે પણ સમગ્ર સુરક્ષા વ્યવસ્થા અને કાર્યક્રમના આયોજનને લઈ ચર્ચા વિચારણા કરવામાં આવી છે. જેમાં મહંત સહિત મંદિર પ્રશાસનના સદસ્યો અને પોલીસ અધિકારીઓ હાજર રહ્યા છે.રથયાત્રાના દિવસે જગન્નાથ મંદિર પર રથયાત્રાના રુટ પર તથા શહેરના અન્ય સંવેદનશીલ વિસ્તારોમાં સુરક્ષા વ્યવસ્થાને લઈને પણ માહિતી મેળવી હતી.તો બેઠક બાદ અમદાવાદ પોલીસ કમિશનરે કહ્યું કે આ વખતની રથયાત્રામાં ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરવામાં આવશે. ૨૦ ડ્રોન ઉપરાંત હિલિયમ બ્લુનનો ઉપયોગ કરવામાં આવશે.

## હિંમતનગરમાં સ્વિમિંગ પૂલમાં ૧૦૦થી વધુ લોકોએ અંડર વોટર યોગા કર્યા



હિંમતનગર,

સાબરકાંઠા જીલ્લામાં પણ અલગ અલગ સ્થળે લોકો યોગ માં જોડાયા હતા યોગથી મન પ્રફુલિત થાય છે અને યોગ શરીર માટે પણ જરુરી છે. ૧૦૦થી વધુ લોકોએ સાબર સ્ટેડિયમ ખાતે આવેલ સ્વિમિંગ પૂલ માં પાણી યોગ કર્યા હતા. આ માટે સ્વિમિંગ પૂલ માં પાંચ દિવસની તાલીમ અપાઈ હતી અને એ તાલીમ પુર્ણ થયા બાદ આંતરરાષ્ટ્રીય યોગ દિવસે પાણી યોગનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

૨૧, જૂન એટલે વિશ્વ યોગ દિવસ અને જેને લઈને વિશ્વભરમાં યોગ દિવસની ઉજવણી થાય છે. સાબરકાંઠા જીલ્લામાં પણ અલગ અલગ સ્થળે લોકો યોગ માં જોડાયા હતા યોગથી મન પ્રફુલિત થાય છે અને યોગ શરીર માટે પણ જરુરી છે. તમે કદાચ સાંભળ્યુ હશે કે પહેલાના જમાનામાં ઋષિમુનિઓ પાણીમાં યોગ કરતા હતા અને પાણીમાં ચાલતા હતા.આમ તો યોગ ખાસ કરીને લોકો જમીન પર, ગ્રાઉન્ડમાં કે ગાર્ડનમાં કરતા હોય છે. ત્યારે આજે એક સાથે ૧૦૦થી વધુ લોકોએ સાબર સ્ટેડિયમ ખાતે આવેલ સ્વિમિંગ પૂલ માં પાણી યોગ કર્યા હતા. આ માટે સ્વિમિંગ પૂલ માં પાંચ દિવસની તાલીમ અપાઈ હતી અને એ તાલીમ પુર્ણ થયા બાદ આંતરરાષ્ટ્રીય યોગ દિવસે પાણી યોગ નુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં જે જમીન પર થતા મોટા ભાગના આસનો પાણીમાં કરવામાં આવ્યા હતા. આમ તો પાણીમાં યોગ કરવા કઠીન હોય છે, પરંતુ અંડર વોટર યોગ મહેન્દ્રસિંહ રાજપૂત દ્વારા શિખવાડવામાં આવે છે.જેમ પુરાણોમાં જેમ ઋષિમુનિઓ પાણીમાં યોગ કરતા હતા તેમ મહેન્દ્રસિંહ પણ યોગ કરવા પ્રયાસ કરતા હતા. જે ખુદ શીખ્યા બાદ અન્ય લોકોને અને સ્વિમિંગ માટે આવતા લોકોને પણ અંડર વોટર યોગ શિખવી રહ્યા છે. પાણીમાં યોગ કરવા એ થોડા કઠીન છે, પરંતુ મહેન્દ્રસિંહ તેમના મિત્રોને પાણીમાં યોગ કરતા શીખવી રહ્યા છે. તેઓ પણ મહેન્દ્રસિંહની જેમ જ પાણીમાં તરી શકે છે અને યોગ પણ કરી શકે છે.જ્યારથી હિંમતનગરમાં સ્વિમિંગ પૂલની શરુઆત થઈ છે ત્યારથી મહેન્દ્રસિંહ તેમના મિત્રોને અને વિધ્યાર્થીઓને યોગ શીખવી રહ્યા છે. જે આસનો જમીન કરે છે તે તમામ પ્રકારના આસનો મહેન્દ્રસિંહ તેમના મિત્રો સાથે પાણીમાં કરે છે.શ્વાસો શ્વાસની ક્રિયાથી આ યોગ કરે છે અને જે જોઈને અનેક લોકો તેમને જોતા જ રહી જાય છે. કારણ કે કોઈપણ સપોર્ટ વિના પાણીમાં સીધા જ રહેવુ એ આમ તો અશક્ય લાગતુ હોય છે પણ મહેન્દ્રસિંહ અને તેમના મિત્રો આમ કરી બતાવીને આશ્ચર્ય સર્જે છે અને કલાકો સુધી પાણીમાં રહીને આ યોગ કરી રહ્યા છે.

## અંબાજીના ચાચર ચોકમાં વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી



અંબાજી,

પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી મંદિરના ચાચર ચોકમાં વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. મંદિરના વહીટદાર, સ્ટાફ, સેવા પુજા કરતા પુજારી તેમજ સુરક્ષા કર્મીઓ સહિત યાત્રાળુઓ યોગ દિવસની ઉજવણીમાં જોડાયા હતા. મંદિરના વિશાળ ચાચર ચોકમાં સૌએ યોગ દિવસ નિમિત્તે યોગ કર્યા હતા.

સ્વચ્છ શહેર અને સ્વસ્થ નગરના સૂત્ર સાથે અંબાજીમાં યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેના ડ્રોન વીડિયો સામે આવ્યા હતા. વિશ્વ યોગ દિવસની રાજ્ય કક્ષાની ઉજવણી બનાસકાંઠાના નડાબેટમાં કરવામાં આવી હતી. જ્યા મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

## ચાર્જિંગમાં મૂકેલા ઈલેક્ટ્રિક વ્હીકલમાં બ્લાસ્ટ થતાં ૧૮ વર્ષની યુવતિ આગમાં ભડથું બની



સુરત,

સમયની માંગ અને વધતા જતા પેટ્રોલ ડીઝલના ભાવના કારણે ધીમે ધીમે લોકો ઈલેક્ટ્રિક વ્હીકલ તરફ વળ્યા છે. સરકાર દ્વારા પણ લોકો ઈલેક્ટ્રિક વ્હીકલનો ઉપયોગ કરે તેના માટે પ્રયત્નો કરી રહી છે. પરંતુ શું આ ઈલેક્ટ્રિક વ્હીકલ સુરક્ષિત છે તે પ્રશ્ન લોકોને મૂંજવી રહ્યો છે.

અવાર નવાર ઈલેક્ટ્રિક વ્હીકલમાં બ્લાસ્ટના સમાચાર વાંચવા મળે છે. ત્યારે આજે સુરતમાં વધુ એક ઈલેક્ટ્રિક વ્હીકલમાં બ્લાસ્ટ થયો હોવાના સમાચાર સામે આવ્યા છે. સુરતના ગડોદરા વિસ્તારમાં આવેલી એક સોસાયટીમાં ઈ-બાઈકની બેટરીને ચાર્જીંગ મુકવામાં આવી હતી જેમાં આજે વહેલી સવારે બ્લાસ્ટ થતાં આગ લાગતાં ૧૮ વર્ષની એક યુવતિનું મોત નિપજ્યું છે જ્યારે ૪ લોકો દાઝી ગયા હોવાના અહેવાલ પ્રાપ્ત થયા છે.

આ આગ જોતજોતાં ઘરમાં રહેલા સિલિન્ડર સુધી પહોંચી જતાં સિલિન્ડર બ્લાસ્ટ પણ થયો હતો. જેના લીધે ઘરમાં હાજર સભ્યો આગની ચપેટમાં આવી ગયા હતા અને આ ચારેય લોકો ગંભીર રીતે દાઝી ગયા હતા. સિલિન્ડરમાં બ્લાસ્ટ એટલો ભયંકર હતો કે જેના લીધે એક દિવાલ અને દરવાજો પણ તૂટી ગયો હતો. ઘટના અંગે જાણ થતાં સુરત ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કરી રહી છે. ફાયર વિભાગના કર્મચારીએ બીજા માળે આવેલી મકાનની ગેલેરીમાં ફસાયેલા ૩ લોકોનું રેસ્ક્યૂ કર્યું હતું. જેમાં ૧ મહિલા, ૧ બાળક અને એક મોટી વયના વ્યક્તિનું રેસ્ક્યૂ કર્યું હતું. આ દરમિયાન એક મહિલાને સીડી પરથી નિકળી પ્રયત્ન કર્યો હતો જેમાં તે દાઝી જતાં તેને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી છે.

ઘટનાની જાણ થતાં સુરતના ડેપ્યુટી મેયર નરેન્દ્ર પાટીલ ઘટનાસ્થળે પહોંચી નિરીક્ષણ કર્યું હતું અને ત્યારબાદ તેઓ ઈજાગ્રસ્તોના ખબર અંતર પૂછવા માટે સ્મીમેર હોસ્પિટલની મુલાકાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, પાર્કિંગમાં ઈલેક્ટ્રિક વ્હીકલ ચાર્જિંગમાં મુકવામાં આવ્યું હતું. આખી રાત ચાર્જિંગમાં પડી રહેતા બ્લાસ્ટની ઘટના સર્જાઈ છે અને જેના આગ લાગી હતી.

## નીટ પેપર લીકનો માસ્ટરમાઈન્ડ રાજગ અને જદયુ બંને સાથે સંબંધિત છે,પપ્પુ યાદવ

પટણા,

નીટ પેપર લીકને લઈને દેશભરના બાળકો અને વાલીઓમાં ભારે રોષ છે. દરરોજ અનેક પ્રકારના ખુલાસા થઈ રહ્યા છે. તેની ઉપર, બિહારના ડેપ્યુટી સીએમ વિજય સિંહાએ તેજસ્વી યાદવને પેપર લીક સાથે જોડ્યા પછી ભાજપ સંપૂર્ણ હુમલાના મોડમાં આવી ગયું છે. આ દરમિયાન પૂર્ણિયાના સાંસદ પપ્પુ યાદવે દ્વઈઈ પેપર લીક કેસમાં ધરપકડ પર મોટું નિવેદન આપ્યું છે.રાજદ અને જદયુ પર પ્રહાર કરતા પપ્પુ યાદવે કહ્યું છે કે જે માસ્ટરમાઈન્ડની ધરપકડ કરવામાં આવી છે તે રાજદ અને જદયુ બંનેના નેતાઓ સાથે સંબંધિત છે. આ માસ્ટરમાઈન્ડ રાજદના ટોચના એકથી તૃતીયાંશ અને જદયુના નીચલા રેંકિંગ નેતાઓ સાથે જોડાણ ધરાવે છે. આ મામલે બંને છાવણીના આ આગેવાનોની કોલ ડીટેઈલ અને મોબાઈલ લોકેશનની તપાસ કરવામાં આવે તો પેપર લીકનો ભેદ ઉકેલાય તેમ છે.બિહારમાં સત્તાધારી પક્ષ અને વિપક્ષ બંને છાવણીના નેતાઓ સાથે મળીને બિહારના આશાસ્પદ લોકો સાથે ખેલ કરે છે. તેણે કહ્યું કે ૬૫૦ માર્ક્સ મેળવવા છતાં કટઓફ એટલો ઊંચો કરવામાં આવ્યો કે ઘણા વિદ્યાર્થીઓના સપના બરબાદ થઈ ગયા. આ એક પ્રકારની હત્યા છે. ગુનેગારો સામે કલમ ૩૦૨ હેઠળ કેસ શરૂ થવો જોઈએ.આ માટે મૃત્યુદંડની જરૂર છે. આ પેપર પક્ષ અને વિપક્ષ બંનેની મિલીભગતથી લીક થયું છે. આમાં થયેલી ધરપકડ શાસક પક્ષ અને વિપક્ષ બંને છાવણી સાથે સંબંધિત છે. આવી સ્થિતિમાં તપાસ હાઈકોર્ટ કે સુપ્રીમ કોર્ટની બેંચ દ્વારા થવી જોઈએ અથવા તો જેપીસી દ્વારા તપાસ થવી જોઈએ, જેથી મામલાની સત્યતા બહાર આવી શકે.હકીકતમાં, નીટ પેપર લીક પછી, તેજસ્વી યાદવના ખાનગી સચિવ પ્રિતમ કુમારની ભૂમિકા પ્રકાશમાં આવી રહી છે, સિકંદર યાદવેન્દુ માટે સરકારી ગેસ્ટ હાઉસ બુક કરાવવાથી લઈને તેની પોસ્ટિંગ સુધી. તેથી, ઈઓયુ તેને બોલાવીને પૂછપરછ કરવાની તૈયારી કરી રહ્યું છે. પેપર લીક મામલામાં બિહારના નાયબ મુખ્યમંત્રી વિજય સિન્હાએ અનેક તથ્યો રજૂ કરતાં સિકંદરના લાલુ સાથે સીધા જોડાણની વાત પણ કરી હતી.

## ભારતે ચાર વર્ષ પછી ચીનના ફલાઈટ શરૂ કરવાના આમંત્રણને ફગાવ્યું



નવીદિલ્હી

ચાર વર્ષનાં અંતરાલ પછી ચીન બંને દેશો વચ્ચે સીધી પેસેન્જર ફ્લાઈટ્સ શરૂ કરવા ભારત પર દબાણ કરી રહ્યું છે પણ ભારતે તેના ચીન સાથે ચાલી રહેલા સીમા વિવાદ પછી ચીનના આ આમંત્રણને ફગાવી દીધું છે.

ભારત અને ચીન વચ્ચે જૂન ૨૦૨૦માં લદાખ ખાતે ગાલવાન ઘાટીમાં ભારત અને ચીનનાં સૈનિકો વચ્ચે ખેલાયેલા લોહિયાળ સશસ્ત્ર અથડામણ પછી બંને દેશો વચ્ચેનાં સંબંધોમાં કડવાશ આવી છે. સંબંધો તંગદિલીભર્યા થયા છે અને વણસ્યા છે. આ પછી બંને દેશ દ્વારા તેમની સીમામાં સૈનિકોની ભારે ફોજ ખડકી છે. ભારતનાં એક સિનિયર અધિકારીએ કહ્યું હતું કે, ચીન ભલે ભારત અને ચીન વચ્ચે સીધી ફલાઈટ્સ શરૂ થાય તેમ ઈચ્છતું હોય પણ જ્યાં સુધી ચીન દ્વારા સરહદે શાંતિ સ્થપાશે નહીં ત્યાં સુધી બંને દેશોનાં સંબંધો સુધરશે નહીં.

ભારત અને ચીન વચ્ચે સીમા વિવાદ વકર્યા પછી ચીનની કંપનીઓ માટે ભારતમાં રોકાણ કરવાનું મુશ્કેલ બન્યું છે. ભારતે ચીનની અનેક લોકપ્રિય એપ્લિકેશન્સ પર પ્રતિબંધ મૂક્યો છે. કેટલાક પેસેન્જર રૂટસ પરની ફલાઈટ્સ પણ બંધ થઈ ગઈ છે. જો કે એશિયાનાં આ બંને મોટા દેશ વચ્ચે સીધી કાર્ગો ફ્લાઈટ્સ ચાલુ રહી છે તે આવકાર્ય છે. સીધી ફ્લાઈટ્સ બન્ને દેશ માટે લાભદાયક છે પણ ભારતનું એવિએશન સેક્ટર તેજીમાં છે જ્યારે કોરોના પછી ચીન માટે વિદેશી પ્રવાસમાં રિકવરી ધીમી અને અઘરી છે. ચીનનાં વિદેશ પ્રધાને ગયા અઠવાડિયે જ આશા વ્યક્ત કરી હતી કે ભારત દ્વારા વહેલામાં વહેલી તકે સીધી ફ્લાઈટસ શરૂ કરવામાં આવશે. સીધી ફ્લાઈટ્સ શરૂ કરવાનું બંને દેશના હિતમાં છે.

૨૦૧૯માં ભારત અને ચીન વચ્ચે ૫૩૯ સીધી ફ્લાઈટ્સ ઊડતી હતી. જેમાં ઈન્ડિગો, એર ઈન્ડિયા, ચાઈના સધર્ન, ચાઈના ઈસ્ટર્ન, એર ચાઈના અને શાનડોંગનો સમાવેશ થાય છે. ભારતની એરલાઈન્સો દ્વારા ૧૬૮ ફ્લાઈટસ કાર્યરત હતી.





# મહીસાગર જીલ્લામાં સ્વયં અને સમાજ માટે 'યોગ' ની થીમ સાથે યોગ દિવસની ઉજવણી કરાઈ

મહિસાગર, આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીની થીમ સ્વયં અને સમાજ માટે યોગ થકી રાજ્ય સહિત રાષ્ટ્રના તમામ નાગરિકોનો તમામ સ્તરે વિકાસ થાય તે હેતુથી યોગ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે મહીસાગર પોલીસ પરેડ ગ્રાઉન્ડ લુણાવાડા ખાતે જોડાયેલા યોગા અભ્યાસુઓને યોગ શિક્ષક દ્વારા કોમન યોગા પ્રોટોકોલનો અભ્યાસ કરાવાયો હતો.

આ અવસરે પંચમહાલ સાંસદ રાજપાલસિંહ જાદવ, જીલ્લા પંચાયત પ્રમુખ બાબુભાઈ પટેલ સહિત ઉપસ્થિત મહાનુભાવોએ યોગ દિવસની શુભકામના પાઠવતા જણાવ્યું હતું કે , યોગનું આચરણ આરોગ્ય, સંતુલન અને સહકાર માટે અદ્ભુત પ્રેરણા આપે છે. યોગ માત્ર આપણા જીવનનો એક હિસ્સો નથી, આજે, તે જીવન જીવવાની રીત બની જાય તેવી યોગ દિવસે પ્રેરણા સૌને લેવા અપીલ કરી હતી.

આ અવસરે સાંસદે જણાવ્યુ હતું કે, યોગ દ્વારા લોકોનો માનસિક અને શારીરીક સ્વાસ્થય સાથે સંપુર્ણ આધ્યાત્મિક વિકાસ થાય છે. યોગ, એ આપણી ભારતીય સંસ્કૃતિ છે. આપણાં ઋષિમુનીઓએ માનવજાતને આપેલ અમૂલ્ય ભેટ છે. આ મહામૂલી ભેટને વિશ્વ ફલક પર નામના સાથે આજે વિશ્વની સમસ્ત માનવજાતને તેનો લાભ મળી રહ્યો છે. તેમણે ઉમેર્યું હતું કે દુનિયાના લોકો યોગ અપનાવવાથી તંદુરસ્ત અને સુખી બને તેવા ઉમદા આશયથી આપણા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને માર્ગદર્શનથી સમગ્ર વિશ્વમાં યોગ દિવસની ઉજવણીની શરૂઆત કરવામાં આવી હતી.

આ પ્રસંગે જીલ્લા પંચાયત પ્રમુખે જણાવ્યું હતું કે, યોગ એ ભારતની વૈદિક સંસ્કૃતિ છે. ઋષિ-મુનિઓએ શોધેલો યોગ ભારતે વિશ્વને આપેલી વિરાસત છે. પ્રાચીન સમયમાં યોગના કારણે લોકોના મન-શરીર-આત્મા તંદુરસ્ત રહેતા હતા. ઋષિ-મુનિઓની સાધના પદ્ધતિના લીધે અનેક લાભ કરાવતા આ યોગની આપણને વિરાસત મળી, પરંતુ યોગને સમગ્ર વિશ્વમાં પ્રસારિત કરવાનું કામ એનો બહોળો પ્રચાર કરવાનું કામ અને તેની આંતરાષ્ટ્રીય માન્યતા અપાવવાનું કામ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કર્યું છે.

આ પ્રસંગે નડાબેટ ખાતેના મુખ્યમંત્રીના કાર્યક્રમનું જીવંત પ્રસારણ તેમજ પ્રધાનમંત્રીના પ્રેરણાદાયી ઉદ્દબોધનનું જીવંત પ્રસારણ સૌએ નિહાળ્યું હતું.

આ પ્રસંગે જીલ્લા કલેક્ટર નેહાકુમારી, જીલ્લા વિકાસ અધિકારી સી એલ પટેલ, જીલ્લા પોલીસ અધિક્ષક જયદીપસિંહ જાડેજા, પ્રાયોજના વહીવટદાર યુવરાજ સિદ્દ્ધાર્થ, અધિક નિવાસી કલેક્ટર સી.વી.લટા, પ્રાંત અધિકારી સહિત જીલ્લાના અધિકારીઓ, પદાધિકારીઓ, યોગ અભ્યાસુઓ, વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. મહીસાગર જીલ્લામાં માનગઢ રાઠડા બેટ, કલેશ્વરી, વાવકૂવા, રૈયોલી સહિત આઈકોનીક સ્થળો ઉપરાંત વિવિધ સ્થળોએ ૧.૩૮ લાખથી વધુ યોગ અભ્યાસુઓએ જોડાઈને યોગ દિવસની ઉજવણી કરી હતી.

## મહિસાગર જીલ્લાના સંતરામપુર તાલુકાની છાયણ પ્રાથમિક શાળામા વૃક્ષારોપણ કરી શાળા સ્થાપના દિવસ તથા વિશ્વ યોગ દિનની ભવ્ય ઉજવણી કરવામાં આવી



સંતરામપુર, આજરોજ છાયણ પ્રાથમિક શાળાના મુ.શિ.પંકજકુમાર બી.વણકર તથા સ્ટાફ પરિવાર જયંતિભાઈ એન.ખાંટ અને પ્રશાંતકુમાર બી. ભમાત તેમજ એસ.એમ.સી. છાયણ દ્વારા શાળા સ્થાપના દિવસ તેમજ વિશ્વ યોગ દિનની ભવ્ય ઉજવણી કરવામાં આવી. જેમાં આ કાર્યક્રમને યાદગાર બનાવતા એક અનોખી પહેલ કરી ગામમાં વધુ વૃક્ષોનું વાવેતર કરી પર્યાવરણને બચાવવા માટે શાળાના વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ પ્રકારના કાર્યક્રમો કરવામાં આવ્યા તેમજ જંગલ ખાતાના સહયોગથી મળેલ વૃક્ષોને શાળામાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓ તથા વાલીઓને વૃક્ષના છોડ ભેટ કરવામાં આવ્યા. આ કાર્યક્રમમાં ગ્રામ પંચાયતના વડાસરપંચ તલાટી કમ મંત્રી, ગામડી કલસ્ટરના સી.આર.સી. કૉ. ઓર્ડિનેટર તથા ગામના વડીલો, યુવાનો અને વાલીઓએ ખુબ જ ઉત્સાહ પૂર્વક ભાગ લઈ આ કાર્યક્રમને સફળ બનાવી શાળા પરિવારને ખુબ ખુબ શુભેચ્છાઓ પાઠવી ગામમાં વધુ વૃક્ષો ઉછેરવામાં આવે તેવો નિર્ધાર કરવામાં આવ્યો. ત્યારબાદ કાર્યક્રમને સફળ બનાવવા બદલ શાળા પરિવારે ગામનો ખુબ ખુબ આભાર વ્યકત કર્યો.

## કડાણના લીમપુર ગામે વટ સાવિત્રી વ્રતની ઉજવણી કરાઈ



મલેકપુર, મહિસાગર જીલ્લાના કડાણા તાલુકાના લીમપુર ગામે જેઠ સુદ પૂનમને તારીખ ૨૧/૦૬/૨૦૨૪ ને શુક્રવારના રોજ વટ સાવિત્રી વ્રત નિમિત્તે ગણપતિજી, બ્રહ્માજી, સત્યવાન,સાવિત્રીજી નું ભક્તિભાવથી પૂજન અર્ચન કરી વડદાદાને સુતર વીંટી પ્રદક્ષિણાઓ કરી હતી. ભરતભાઈ એ.પંડ્યા દ્વારા શાસ્ત્રોકત વિધિથી પૂજા કરવામાં આવેલ હતી. જયાબેન, હસુબેન, ભારતીબેન, મધુબેન, હેતલબેન, ગંગાબેન, જશીબેન, પુષ્પાબેન, મનુબેન, રમીલાબેન વગેરે એ આ વ્રત કરેલ હતું. વટ સાવિત્રી વ્રતની વાર્તા સાંભળી પોતાના સ્વામીના લાંબા આયુષ્ય માટે પ્રાર્થના કરી હતી. થાળ અને આરતિ કરી પ્રસાદ ગ્રહણ કરી સૌ બહેનોએ વ્રત સમાપ્ત કર્યું હતું.

## લુણાવાડા જીલ્લા પંચાયત ભવન ખાતે રકતદાન કેમ્પ યોજાયો




મલેકપુર, લુણાવાડામાં જે.કે.ઑર્ગેનાઈઝશનના સહયોગથી જે.કે.લક્ષ્મી સિમેન્ટ લીમિટેડ દ્વારા જીલ્લાપંચાયત ભવન ખાતે રકતદાન કેમ્પ યોજાયો.

મહાત્મા ગાંધીએ કહ્યું છેકે, તમારી જાતને શોધવાનો શ્રેષ્ઠ માર્ગ એ છે કે તમે બીજાની સેવામાં તમારી જાતને ગુમાવી દો.

જે.કે. સંસ્થા દ્વારા લુણાવાડામા આજરોજ સ્વર્ગસ્થ હરિશંકર સિંઘાનિયાની ૯૧મી જન્મજયંતિ નિમિત્તે તારીખ ૨૦.૦૬.૨૦૨૪ના રોજ સવારે ૧૦ થી સાંજના ૪ વાગ્યા સુધી રાખવામા આવ્યો.

જીલ્લાપંચાયત પંચાયત ભવન, બીજો માળ લુણાવાડા, જીલ્લામહીસાગર ખાતે યોજાઈ. જેમાં મોટી સંખ્યામાં યુવાનોએ રકતદાન કર્યું હતું. આ કેમ્પમાં ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી મહીસાગરના વાઈસ ચેરમેન ડોકટર મહેશભાઈ શુકલ તથા જે.કે. લક્ષ્મી સિમેન્ટ મહીસાગરના ડિસ્ટીબ્યુટર્સ વિજુભાઈ હાજર રહ્યા હતા.

## લુણાવાડા ગાંધી કુટીર ખાતે પેન્શનર્સ સિનિયર સીટીઝન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા યોગ શિબિર યોજાઈ



મલેકપુર, ૨૧ જૂને વિશ્વ યોગ દિવસની ઉજવણી થનાર છે ત્યારે મહીસાગર જીલ્લામાં લોકો વધુમાં વધુ યોગ સાથે જોડાય તે માટે જીલ્લા કલેકટર નેહાકુમારીના માર્ગદર્શન હેઠળ વહીવટી તંત્ર અને યોગ બોર્ડ દ્વારા શાળાઓ કોલેજો, સંસ્થાઓમાં યોગ પ્રોટોકોલ પ્રશિક્ષણ શિબિરો યોજાઈ રહી છે. જેના ભાગરૂપે લુણાવાડા ગાંધી કુટીર ખાતે પેન્શનર્સ સિનિયર સીટીઝન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા યોગ શિબિર યોજાઈ હતી. જેમાં સિનિયર સીટીઝનના પ્રમુખ જયંતિલાલ પટેલ, યોગ ટ્રેનર વિનોદભાઈ ચાવડા, યોગ જીલ્લા કો ઓર્ડિનેટર સુનિલ જોશી સહિત સિનિયર સિટીજન મંડળના સભ્યો જોડાયા હતા.

શિબિરમાં પંતજલીના યોગા પીઠાચાર્ય વાડીલાલ.એસ.પટેલે આ કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત રહી ૮૨ વર્ષની ઉંમરે પણ વિવિધ આસનો અને બાહય પ્રાણાયામ જેવી યોગિક ક્રિયા બતાવી હતી. આ યોગ શિબિરમાં ૨૧ જૂન કોમન યોગા પ્રોટોકોલ પ્રમાણે બધાને ઉપયોગી એવા વિવિધ યોગાસનો સુક્ષ્મ વ્યાયામ અને પ્રાણાયામ લાફિંગ થેરાપી કરવામાં આવ્યા હતા. વધુમાં જીવન તનાવમુકત બને તેવું જ્ઞાન અને તે સમાજને ઉપયોગી પ્રેરણાદાયી બને તેવી સમજ આપવામાં આવી હતી. તેમજ સીનીયર સિટીજન્સને જોઈ યુવા વર્ગ યોગ કરવા પ્રેરાય તે માટે પ્રેરક બનવા સંદેશ પાઠવ્યો હતો.

## મહિસાગર જિલ્લામાં બોગસ વૈજ્ઞાનિક બનનાર બાકોર પ્રા.શાળાના શિક્ષકને પાંચ વર્ષની સજા

મલેકપુર, મહિસાગર જિલ્લાના વૈજ્ઞાનિકના દસ્તાવેજ અને પ્રમાણપત્રો બનાવી અને સરકારના નાણાંની ઉચાપત કરનાર બાકોર પ્રાથમિક શાળાના મદદનીશ શિક્ષકને મહિસાગર એડિ.ચીફ જયુડિ.મેજીસ્ટ્રેટે પાંચ વર્ષની સાદી કેદ તથા દંડનો હુકમ ફટકાર્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર આરોપી જગદીશચંદ્ર ઉર્ફે ભીખાભાઈ નાથાલાલ ત્રિવેદી(રહે.ખડોદી, તા.ખાનપુર)પહેલા પણ વખતે પોતે બાકોર ખાનપુર પ્રાથમિક શાળામાં મદદનીશ શિક્ષક તરીકે ફરજ બજાવતા હતા. પોતે સરકારી કર્મચારી હોવા છતાં પોતે વૈજ્ઞાનિક હોવાની ખોટી છાપ ઉભી કરી અને બોગસ વૈજ્ઞાનિકના દસ્તાવેજ અને પ્રમાણપત્રો બનાવી અને સરકારના નાણાંની ઉચાપત કરવા સારૂ રિસર્ચ મંત્રાલય દિલ્હીના નામના બોગસ હુકમો બનાવી અને ખોટા સિકકા અને લેટરપેડ બનાવી જે દસ્તાવેજોના આધારે જેનો ખરા તરીકે ઉપયોગ કરી સરકારી નાણાં રૂ.૧૨,૭૭,૫૦૦/-ની ઉચાપત કરવાની કોશિષ કરી હતી. તેમજ બોગસ દસ્તાવેજના આધારે જેઓએ અમદાવાદ, કોલકત્તા, મુંબઈ, દિલ્હી જેવા વિવિધ શહેરોમાં પ્રવાસ કરેલાના અને ફાઈવ સ્ટાર હોટલોમાં રોકાયેલા ખોટા વાઉચરો અને બિલો અને હુકમો બનાવી અને જેનો ખરા તરીકે ઉપયોગ કરી પ્રાથમિક શાળા બાકોર અને તાલુકા પંચાયત બાકોરમાં રજીસ્ટર જે દસ્તાવેજો ખોટા હોવાનુ જાણવા છતાં વ્યવસ્થિત ગુનાહિત કાવતરૂ રચી જે આધારે સરકાર પાસેથી ભથ્થાના રૂ.૧,૪૮,૮૦૩/-ની ઉચાપત કરી સરકાર સાથે વિશ્વાસઘાત અને ઠગાઈ કરી ગુનો કરતા બાકોર પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. જેની પોલીસે તપાસ કરતા આરોપી વિરુદ્ધ પુરતો પુરાવો હોવાનુ જણાઈ આવતા ચાર્જશીટ અદાલત સમક્ષ રજુ કર્યુ હતુ. આ કેસમાં સરકાર પક્ષે સરકારી વકીલ વાય.એસ.ગોસાઈએ ૩૧ મૌખિક અને ૧૦૧ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ હતા. ફરિયાદ પક્ષે સરકારી વકીલ વાય.એસ.ગોસાઈની દલીલોને ધ્યાનમાં રાખી મહિસાગર એડિ.ચીફ.જયુડિ.મેજીસ્ટ્રેટ પી.સી.સોની સાહેબે ક્રિમીનલ પ્રોસીઝર કોડ અને ઈપીકો કલમ હેઠળ તકસીરવાન ઠેરવી આરોપી જગદીશચંદ્ર ઉર્ફે ભીખાભાઈ નાથાલાલ ત્રિવેદીને પાંચ વર્ષની સાદી કેદ તથા દંડનો હુકમ કર્યો હતો.

## લુણાવાડા જી.ઈ.બી.કચેરી પાસે લકઝરી બસના દરવાજામાં ઉભેલ મુસાફર પડી જતાં મોત

લુણાવાડા, મહિસાગર જિલ્લાના લુણાવાડા જીઈબી ઓફિસની નજીકમાં વળાંકમાં લકઝરી બસના દરવાજામાં ઉભેલી વ્યકિત નીચે પડી જતાં ગંભીર ઈજાઓ પહોંચતા મોત નીપજ્યું હતુ. લકઝરી ચાલક લકઝરી લઈ નાસી છુટયો હતો.આણંદ જિલ્લાના વાંસદ ખાતે આવેલી એક હોટલમાં કામ કરતા મુળ રાજસ્થાનના બાંસવાડા જિલ્લાના બગીદોરા તાલુકાના ચોખલા ગામે રહેતા ભેમજીભાઈ વિઠ્ઠલભાઈ યાદવ, સુનીલભાઈ વિઠ્ઠલભાઈ યાદવ, જીતેન્દ્ર યાદવ તથા રોનક મુકેશ યાદવ હોટલમાં કામ કરી તેમના વતનમાં જવા માટે નીકળ્યા હતા. ગોલ્ડન ચોકડીથી રાત્રે બે વાગ્યે મુંબઈ તરફથી એક ટ્રાવેલ્સ લકઝરી બસ જેની આગળ જય કલ્યાણ લખેલુ હતુ તેમા બધા બેસી ગયા હતા. ગોધરાથી લુણાવાડા તરફ આવતા સુનીલભાઈ યાદવને ઉલ્ટી થતી હોવાથી તે બસનો દરવાજો ખોલીને દરવાજામાં બેઠો હતો. લુણાવાડા જીઈબી સબ સ્ટેશન વળાંકમાં બસ વધુ સ્પીડમાં હોવાથી સુનીલભાઈ યાદવ બસના દરવાજામાંથી નીચે પડી ગયા હતા. જેથી તેઓએ બસના ડ્રાઈવરને ઉભી રાખવા જણાવતા બસ ઉભી રાખી હતી. તેઓએ નીચે જઈ જોતા સુનીલભાઈને મોઢાના ભાગે તથા માથાના ભાગે શરીરે ગંભીર ઈજાઓ થઈ હતી. જેથી તેઓએ સુનીલભાઈને ઉંચકીને બસમાં બેસાડીને લકઝરી બસના ડ્રાઈવરે લુણાવાડા સરકારી દવાખાને રોડ ઉપર ઉતારી બસ લઈ મોડાસા તરફ જતો રહ્યો હતો. સુનીલભાઈને દવાખાને લઈ જતાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા. આ બનાવની ભેમજીભાઈ વિઠ્ઠલભાઈ યાદવે ફરિયાદ નોંધાવતા લુણાવાડા પોલીસે લકઝરી બસના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

## આપની આજ.......

મેષ: તમારે કડવાશને મીઠાશમાં રૂપાંતરિત કરવાની કળા શીખવી પડશે. તમને તમારા જીવનસાથી તરફથી સહયોગ મળશે. સંતાન તરફથી નિરાશાજનક સમાચાર મળી શકે છે.

વૃષભ: આજે તમને પારિવારિક અને આર્થિક મામલામાં સફળતા મળશે. આજીવિકાના ક્ષેત્રે ચાલી રહેલા નવા પ્રયત્નો ફળદાયી બનશે. કર્મચારીઓનો આદર અને સહયોગ પણ પૂરતો રહેશે.

મિથુન: આજે તમારો દિવસ મિશ્રિત રહેશે, પરંતુ સ્વાસ્થ્ય નરમ રહેશે. કોઈ પ્રતિકૂળ સમાચાર સાંભળીને તમારે અચાનક પ્રવાસ પર જવું પડી શકે છે. તમારી વાતોને લીધે કોઈની સાથે મતભેદો અને વિવાદ થઈ શકે છે.

કર્ક: આજનો દિવસ સંતોષપૂર્ણ અને શાંતિપૂર્ણ બની રહી શકે છે. રાજકીય ક્ષેત્રે કરવામાં આવેલા પ્રયત્નોથી સફળતા મળશે. સરકાર અને સત્તા વચ્ચેના જોડાણનો લાભ તમને મળી શકે છે.

સિંહ: આજનો દિવસ પુત્ર, પુત્રીની ચિંતા અને તેમના કાર્યોમાં વિતાવશો. વિવાહિત જીવનમાં ઘણા દિવસોથી ચાલી રહેલી સમસ્યા સમાપ્ત થઈ જશે. આજે સંબંધીઓ સાથએ વ્યવહાર ના કરો, સંબંધો ખરાબ થવાની સંભાવના છે.

કન્યા: આજે તમારા વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે. શાસક પક્ષ સાથે નિકટતા અને જોડાણનો લાભ પણ તમને મળશે. સાસરિયા તરફથી પૂરતી રકમ મળી શકે છે.

તુલા: આજે તમારી આસપાસ કોઈ સુખદ વાતાવરણ રહેશે. પરિવારના બધા સભ્યોની ખુશીમાં વધારો થશે. કેટલાક મોટા વ્યવહારોની સમસ્યા જે ઘણા દિવસોથી ચાલી રહી છે તે ઉકેલાઈ શકે છે.

વૃશ્ચિક: આજે તેમના સ્વાસ્થ્યનું વધુ ધ્યાન રાખવું પડશે. વાયુ વિકારની ફરિયાદો હોઈ શકે છે. બ્લડ પ્રેશરના દર્દીઓના રોગમાં વધારો થઈ શકે છે. નોકરી-વ્યવસાયની દ્રષ્ટિએ દિવસ મિશ્રિત રહેશે.

ધન: આજની સ્થિતિમાં મન વિચલિત રહી શકે છે. આવકના નવા સ્રોત સર્જાશે પરંતુ માનસિક મૂંઝવણને કારણે તમે લાભથી વંચિત રહી શકો છો. નમ્રતા-વાણીથી આદર મળશે. તમને શિક્ષણ અને સ્પર્ધામાં વિશેષ સફળતા મળશે.

મકર: આજે આજીવિકાના ક્ષેત્રે પ્રગતિ થશે. રાજ્યની પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે. સંતાનની જવાબદારી નિભાવી શકાય છે. મુસાફરીની સ્થિતિ સુખદ અને લાભકારી રહેશે.

કુંભ: આજે તમને ભાગ્યનો સહયોગ મળશે. રોજગાર-વ્યવસાયના ક્ષેત્રમાં ચાલી રહેલા પ્રયત્નોમાં કલ્પનાત્મક સફળતા પ્રાપ્ત થશે. સંતાન તરફથી પણ સંતોષકારક સુખદ સમાચાર મળશે.

મીન: આજે કોઈ કિંમતી વસ્તુની ચોરીનો ભય રહેશે. બાળકોના શિક્ષણમાં અથવા કોઈપણ સ્પર્ધામાં સફળતાના સમાચારોને લીધે મનમાં આનંદ થશે. કોઈપણ અટકેલા કામ સાંજે પૂર્ણ થશે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદના ઐતિહાસિક છાબ તળાવ ખાતે ૧૦મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની જીલ્લા કક્ષાની ઉજવણી કરાઈ



દાહોદ,

દાહોદ જીલ્લામાં દાહોદના હાર્દ તેમજ ઓળખ સમા ઐતિહાસિક છાબ તળાવ ખાતે કુદરતી, ખુશનુમા-શીતળ વાતાવરણ અને પક્ષીઓના મીઠા કલરવ વચ્ચે મંત્રી બચુભાઈ ખાબડ, પંચાયત અને કૃષિ વિભાગની ઉપસ્થિતિમાં તેમજ સ્વયં અને સમાજ માટે યોગની થીમ હેઠળ જીલ્લા કક્ષાની ૧૦મા આંતર રાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં યોગ શિક્ષક દ્વારા યોગની વિવિધ પ્રકારની મુદ્રાઓ કરાવવામાં આવી હતી.

રાજ્ય મંત્રી પંચાયત અને કૃષિ વિભાગ, બચુભાઈ ખાબડે યોગ દિવસની શુભેચ્છા પાઠવતા પ્રાસંગિક ઉદ્દબોધન આપતાં કહ્યું હતું કે, મન, વચન, કર્મ, આત્મા ને પરમાત્મા સાથે જોડવા માટે યોગ કરવો જરૂરી છે. ૨૧ મી જૂન ૨૦૧૯ માં રાજ્ય યોગ બોર્ડ દ્વારા ગુજરાત યોગ બોર્ડની સ્થાપના કરવામાં આવી હતી. સમગ્ર સમાજ યોગ દ્વારા પોતાની તંદુરસ્તી સાથે સમાજની તંદુરસ્તી માટે યોગ કરવા જોડાય તો આપણો સમાજ નિરોગી અને સ્વસ્થ રહેશે. ફક્ત આજના દિવસ પૂરતા જ નહીં પરંતુ નિયમિત રીતે આપણે અને આપણો પરિવાર પણ યોગમાં જોડાય તે જરૂરી છે. યોગ એ આપણા આરોગ્ય અને સુખાકારી જીવન માટે મહત્વનું છે. આપણી સરકાર આપણા સૌના સારા સ્વાસ્થ્ય માટે કટીબદ્ધ બની છે.

આંતર રાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે પ્રારંભિક પ્રવચન આપતાં કલેકટર યોગેશ નિરગુડેએ કહ્યું હતું કે, યોગ એ આપણી પ્રાચીન જીવન પદ્ધતિ છે, જેમ શારીરિક રીતે સ્વસ્થ થવા કસરત ની જરૂર છે તેમ માનસિક સ્વસ્થતા માટે યોગ કરવો જરૂરી છે. જીવનમાં સ્વસ્થ રહેવા માટે યોગ અને પ્રાણાયામ ખૂબ જ જરૂરી છે. દરરોજ યોગ અને પ્રાણાયામ કરનાર વ્યકિતઓ તંદુરસ્ત રહે છે. નાગરિકો યોગ પ્રત્યે જાગૃતિ કેળવે અને નિયમિતપણે યોગ કરે એ આપણા સ્વાસ્થ્ય માટે લાભકારી છે.



ગુજરાત રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે વર્ચ્યુઅલ માદયમથી ઉપસ્થિત રહી પ્રાસંગિક પ્રવચન દરમ્યાન કહ્યું હતું કે, આપણી સંસ્કૃતિ સમા યોગને વિશ્વના ખૂણે-ખૂણે પહોંચાડવાના ભગીરથ કાર્ય દ્વારા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ભારતને વિશ્વમિત્ર બનાવવાનો સંકલ્પ કર્યો છે. ભારતને વિશ્વ વ્યાપી બનાવવા આપણી સરકાર કટીબદ્ધ બની છે.આ કાર્યક્રમ નિમિત્તે જીલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમ, પોલીસ અધિક્ષક રાજદીપસિંહ ઝાલા, પ્રાયોજના વહીવટદાર સ્મિત લોઢા, દાહોદ ધારાસભ્ય કનૈયાલાલ કિશોરી, નિવાસી અધિક કલેકટર જે.એમ.રાવલ, ડી.આર.ડી. એ. નિયામક બી.એમ.પટેલ, સંકલનના તમામ અધિકારીઓ, બ્રહ્માકુમારી ટીમ તેમજ અસંખ્ય સંખ્યામાં નાગરિકો, શિક્ષકો, પોલીસ વિભાગ તેમજ વિદ્યાર્થીઓએ યોગની વિવિધ મુદ્રાઓ કરીને યોગ દિવસની ઉજવણીમાં સહભાગી બની દાહોદવાસીઓને યોગ કરવાનો સંદેશો પાઠવ્યો હતો.

# દાહોદમા નકલી કચેરી, નકલી એન.એ. બાદ નકલી કર્મચારીઓ સામે આવ્યા

દાહોદ,

અત્રે ઉલ્લેખનીય છે કે, દાહોદ જીલ્લામાં નકલી કચેરી નકલી જમીન એને કરવાના કૌભાંડની શાહી હજુ સુકાઈ નથી. ત્યાં તો લીમખેડામાં તાલુકા પંચાયત બાંધકામ શાખામાં સરકારી કર્મચારીઓની જેમ ટેબલ ઉપર અનઅધિકૃત વ્યક્તિઓ કામગીરી કરતા નજરે પડી રહ્યા છે. તાલુકા પંચાયતની બાંધકામ શાખા માંથી કરોડો રૂપીયાના વિકાસના કામો નો વહીવટ થતો હોય છે. ત્યારે આવા મહત્વના ટેબલ ઉપર જવાબદાર અધિકારીઓ કે કર્મચારીઓના બદલે અનઅધિકૃત માણસો એટલે કે નકલી વ્યક્તિઓ સરકારી કર્મચારીઓની જેમ ટેબલ ઉપર બેસીને કોમ્પ્યુટર મા તેમજ સરકારી રેકર્ડમાં લખતા જોવા મળી રહ્યા છે, તેઓ વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા મુદ્દો ચર્ચાની એરણે ચડ્યો છે. તાલુકા પંચાયતના આ મહત્વના ટેબલ ઉપર સરકારી કર્મચારીઓની જેમ આ બંને અનઅધિકૃત વ્યક્તિઓ વર્ષોથી કામગીરી કરી રહ્યા છે, તો સરકારી દસ્તાવેજી રેકડોમાં તેઓ દ્વારા કરવામાં આવેલી કામગીરીની તપાસ કરવામાં આવે તો નકલી કામગીરી પણ બહાર આવે તો તેમાં કોઈ નવાઈ નહીં હોય.

બાંધકામ શાખામા અનઅધિકૃત વ્યક્તિઓ કેટલા સમયથી સરકારી કર્મચારીની જેમ કામગીરી કરે છે, તે તપાસનો વિષય છે. લીમખેડા તાલુકા પંચાયતમાં બાંધકામ શાખામાં એક અમઈ કે આર ગામીત અને તેની સાથે બે અન્ય આઉટસોર્સિંગ મારફતે બે ટેકનિકલ આસિસ્ટન્ટનો ફરજ બજાવે છે. જેમાં ભાસ્કર પ્રજાપતિ અને રાહુલ ડામોરનો સમાવેશ થાય છે. લીમખેડા તાલુકા પંચાયતની બાંધકામ શાખામાં અન્ય કોઈપણ કર્મચારી કે વ્યક્તિ કરવા માટે સરકારી રેકર્ડ કે કોમ્પ્યુટરની કામગીરી કરવા માટે અધિકૃત નથી. ત્યારે આ વીડિયોમાં દેખાતા બે આનાથી કૃત વ્યક્તિઓ નામે હસમુખ ધોવી અને મગનભાઈ નામના બે વ્યક્તિઓ સરકારી રેકળમાં લખતા તેમજ કોમ્પ્યુટરમાં કામગીરી કરતા વીડિયોમાં જોવા મળી રહ્યા છે. આ વિડીયો બાબતે ગુજરાત સમાચાર એ તપાસ કરતા જાણવા મળ્યું કે, આ બંને વ્યકિતઓ બાંધકામ શાખામાં વર્ષોથી સરકારી કર્મચારી વતી અને કર્મ કામગીરી કરી રહ્યા છે અને આ લોકોને બાંધકામ શાખાના અમઈ દ્વારા તરીકે વહીવટદાર તરીકે રાખવામાં આવ્યા હોય તેવી ચર્ચાઓ હાલ વા મળે છે. ખાનગી સૂત્રો પાસેથી જાણવા મળી છે, ત્યારે આ અનઅધિકૃત લોકો પર કોના આશીર્વાદ થી વહીવટી કામગીરી કરી રહ્યા છે તે તપાસમાં વિષય છે.



ગરબાડા નગરમાં વડ સાવિત્રી વ્રતની શ્રદ્ધાભેર ઉજવણી કરવામાં આવી હતી. વ્રતને લઈને વહેલી સવારથી જ વડની પૂજા માટે ભીડ જામી હતી. ગોર મહારાજ દ્વારા તમામ બહેનોને વિધિવત રીતે પૂજા કરવામાં આવી હતી.



લીમખેડા તાલુકાના પરમાર ના ખાખરીયા પ્રાથમિક શાળામાં ૨૧ જૂન વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી. આજના આધુનિક સમયમાં શરીર અને મન તંદુરસ્ત રાખવા માટે બાળકોને યોગ વિશે સમજ શિક્ષકોએ આપી હતી. ત્યારબાદ બાળકો અને શિક્ષકોએ સાથે મળી જુદા જુદા યોગાસનો કર્યા હતા.

# ઝાલોદ સ્વામી વિવેકાનંદ બોર્ડ દ્વારા વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી



ઝાલોદ,

તારીખ ૨૧ જુન ૨૦૨૪ નારોજ વિશ્વ યોગ દિવસ નિમિત્તે સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજય યુવા બોર્ડના ઝાલોદ તાલુકા સંયોજક અભય ભાટીયા અને વિપુલભાઈ સંગાડા દ્વારા અંબાલાલ વ્યાસ ઉત્તર બુનિયાદી વિદ્યાલયમાં વિશ્વ યોગ દિવસનો કાર્યક્રમ યોજાયો. જેમાં અભય ભાટીયાએ યોગ નિદર્શન કરી વિદ્યાર્થીઓ પાસે યોગ કરાવ્યા અને વિપુલ સંગાડાએ જીવનમાં યોગનું મહત્વ સમજાવી વિશ્વા યોગ દિવસ અંગેની વિસ્તૃત માહિતી આપી હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન શાળાના આચાર્ય, શિક્ષકો તથા વિદ્યાર્થીઓએ ખુબ જ સુંદર સહકાર આપ્યો હતો.

# દાહોદમાં બાઈક ઉપર લઈ જવાતા પાંચ કિલો ગૌમાંસના જથ્થા સાથે બે ઈસમોને ઝડપ્યા

દાહોદ,

દાહોદ શહેર માંથી મોટરસાઈકલ પર ગૌમાંસ લઈ પસાર થઈ રહેલા બે ઈસમો પાસેથી પોલીસે પાંચ કિલોગ્રામ ગૌમાંસનો જથ્થા સાથે બંન્ને ઈસમોની અટકાયત કરી હોવાનું જાણવા મળે છે.

દાહોદ એ ડિવીઝન પોલીસ વિસ્તારમાં ગત તા. ૧૯મી જુનના રોજ પોલીસ પેટ્રોલીંગમાં હતી. ત્યારે દાહોદ શહેરમાંથી એક મોટરસાઈકલ લઈ પસાર થઈ રહેલા સલમાન બાબુખાન પઠાણ તથા તેની સાથેનો સલીમખાન લતીફખાન પઠાણ (બંન્ને રહે. મધ્યપ્રદેશ) નાઓને પોલીસે રોકી તેઓની પુછપરછ કરતાં પોલીસને સંતોષકારક જવાબ મળ્યો ન હતો. જેથી પોલીસે તેઓને પાસે રહેલ થેલાની તલાસી લેતાં તેમાંથી ગૌમાંસ પાંચ કિલોગ્રામ કિંમત રૂા. ૫૦૦ના ગૌમાંસના જથ્થા સાથે મોટરસાઈકલની કિંમત મળી પોલીસે કુલ રૂા.૫૦,૫૦૦નો મુદ્દામાલ કબજે કરી આ સંબંધે દાહોદ એ ડિવીઝન પોલીસે પશુ સંરક્ષણ ધારા હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગુજરાતમાં ૭૮ હજાર યુવાનો ટાટ અને ટેટની પરીક્ષા પાસ હોવા છતાં ભરતી નહિ કરતાં દાહોદ કોંગ્રેસે શિક્ષણમંત્રીના રાજીનામાંની માંગ

દાહોદ,

બેરોજગાર યુવાનો તેમજ વિદ્યાર્થીઓના ભવિષ્યની ચિંતા કરી તેમજ ગુજરાતના ૭૮,૦૦૦ યુવાનોએ ટાટ, ટેટની પરીક્ષા પાસ કરેલ હોવા છતાંય પણ ભરતી ના કરાતાં સરકાર સામે આકરા પ્રહારો કરી શિક્ષણ મંત્રીના રાજીનામાની માંગણી સાથે દગાહોદ જીલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા દાહોદ જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

દાહોદ જીલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા દાહોદ જીલ્લા કલેક્ટરને આપવામાં આવેલ આવેદપત્રમાં જણાવ્યાં અનુસાર, સમગ્ર બેરોજગાર યુવાનો અને વિદ્યાર્થી ઓને ચિંતા કરી નીચે જણાવેલ બાબતે ને ધ્યાનમાં રાખી આવેદન પત્ર આપવાની ફરજ પડેલ છે. છેલ્લા એક વર્ષથી ગુજરાતનાં ૭૮૦૦૦ યુવાનોએ ટાટ ટેટની પરીક્ષા પાસ કરેલ છે અને તે યુવાનોની ભરતીના કરી યુવાનોને સરકાર દ્વારા ઠાલા વચનો આપી વારંવાર ભરતી કરવાની તારીખો આપી છેતરવામાં આવી રહેલ છે. જે બાબતે પરીક્ષા પાસ કરેલ યુવાનો દ્વારા તેમના હક અને અધિકાર અંતર્ગત ન્યાય મેળવવા ગાંધીનગર ખાતે એકઠા થઈ ન્યાય માંગતા પહેલા યુવાનોને રોજગારી આપવામાં ન આવતી સરકાર દ્વારા યુવાનો ઉપર પોલીસને આગળ કરી જે અત્યાચાર કરવામાં આવેલ છે. તે તેમજ મહિલાઓને ખુલ્લેઆમ જાહેરમાં જાહેર રસ્તા ઉપર ટીંગાટોળી કરી ઘસડીને અપમાનિત કરી હિટલરશાહી અપનાવવામાં આવેલ છે જેની અમો સખત શબ્દોમાં ટીકા કરીએ છીએ અને આ કૃત્ય બદલ શિક્ષણ મંત્રી રાજીનામું આપે તેવી માંગણી કરીએ છીએ. સમગ્ર ગુજરાત રાજયમાં ૩૨,૦૦૦ શિક્ષકોની જગ્યા ખાલી છે. તેની સામે યુવાનોને સાથે છેતર પિંડી કરી ફકત ૭૫૦૦ જગ્યા ભરવાની લોલીપોપ આપી પરીક્ષા પાસ કરેલી ૭૮,૦૦૦ યુવાનોના ભવિષ્ય સાથે છેડા કરવામાં આવેલ છે, તે યોગ્ય નથી. માટે સંપૂર્ણ ૩૨,૦૦૦ ખાલી જગ્યાઓ ભરવા અમારી માંગ છે. એનઈઈ પરીક્ષા આપતા વિદ્યાર્થીઓને નીટની પરીક્ષામાં ગેરરીતી કરી આશાસ્પદ વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ખીલવાડ કરી બહેરી મૂંગી અને આંધળી સરકાર દ્વારા વારંવાર શિક્ષણ ક્ષેત્રે ગેરરીતિ કરી પેપર ફોડ પ્રવૃત્તિ કરી સમગ્ર વિદ્યાર્થીઓને યુવાનો સાથે જે અન્યાય કરેલ છે. તે ગેરરીતીની સામે તટસ્થ તપાસ કરી જવાબદાર કસુરવાર સામે કાયદેસરની કાર્યરી કરવા અમારી માંગ છે. જો અમારી લાગણી અને માંગણી ધ્યાનમાં લેવામાં નહીં આવશે અને ભીનો સંકેલવાની કોશિશ કરવામાં આવશે તો દાહોદ જીલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા વિદ્યાર્થીઓ અને યુવાનો અને સમગ્ર વાલીઓની સાથે રાખી યુવાનોના ભવિષ્યની ચિંતા કરી ઉગ્ર આંદોલન કરવાની ફરજ પડશે. તેવી પણ દાહોદ જીલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

# ફતેપુરા તાલુકાના ભીતોડી પ્રાથમિક શાળામાં વાગ્ધરા સંસ્થાના સહયોગથી બીજોત્સવ કાર્યક્રમનું આયોજન કરાયું

ફતેપુરા,

આજરોજ વાગ્ધરા સંસ્થાના સહયોગથી ફતેપુરા તાલુકાના ભીતોડી ગામમાં પ્રાથમિક વિદ્યાલય- ભીતોડી ખાતે બીજ ઉત્સવ કાર્યક્રમનું આયોજન ધુમધામથી કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ આદિવાસી સંસ્કૃતિને જીવંત રાખવાનો છે. ઉચ્ચ ગુણવત્તાવાળા પરંપરાગત દેશી બીજ ઉપલબ્ધતા નક્કી કરવાની છે અને બજાર ઉપર નિર્ભરતા ખતમ કરવાનો તથા બીજોનું સંરક્ષણ કરીને બીજોની ઉપલબ્ધતા વધારવાનો ઉદ્દેશ છે અને ખેડૂતોને આત્મનિર્ભર બનાવવાનો છે. બ્લોક સહજકર્તા ગિરીશભાઈ પટેલ દ્વારા ખેડૂતોને જણાવવામાં આવ્યું હતું કે,



પ્રકૃતિનો મુળ આધાર બીજ છે. આદિવાસી સંસ્કૃતિમાં બીજોનુ મહત્વ સદીઓ થી માનવામાં આવે છે.આજ ના સમયમાં લગભગ ૮૦ ટકા બીજ બજાર ઉપર નિર્ભરતા છે. જેથી ખેડૂતો ને ઉંચા ભાવોનો સામનો કરવો પડે છે. ખેડૂતોને એ પણ જણાવવામાં આવ્યું કે, હાઈબ્રીડ બિયારણો સ્થાનિય વાતાવરણ અને જળવાયુ અનુકૂળ નહીં હોવાના કારણે ખેતી ખોટનો ધંધો થઈ ગયો છે.

ભીતોડી પ્રાથમિક શાળાના આચાર્ય શંકરભાઈ કટારા દ્વારા ઉપસ્થિત ખેડૂતો ને જણાવવામાં આવ્યું હતું કે,આપણે ત્યાં ઘણા બધા પ્રકારના દેશી બિયારણો ભરપૂર માત્રામાં ઉપલબ્ધ છે.છતાં પણ આપણે બજારમાં મળતા હાઈબ્રીડ બિયારણો ની પાછળ ભાગી રહ્યા છીએ. ખેડૂતો એક બીજાની નકલ કરી રહ્યા છે.જેના કારણે દિવસે દિવસે ખેડૂતો આપણા સ્થાનિય બિયારણોને વિલુપ્ત કરી રહ્યા છે. જેના કારણે દિવસે દિવસે નવા નવા રોગોએ સ્થાન લીધું છે.

આ કાર્યક્રમમાં લગભગ ૬૦ જેટલા દેશી બિયારણો ખેડૂતોએ પોતાના ઘરે થી લાવીને પ્રદર્શનમાં મુકવામાં આવ્યા હતા. જેમાંથી લગભગ ૪૫ ખેડૂતોએ બીજ ની આદાન પ્રદાન કરેલ હતું.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ભીતોડી ગામના જનપ્રતિનિધિઓ જીતુભાઈ પારગી,રઘુભાઈ પારગી, યોગેશભાઈ પારગી તેમજ સુરેખાબેન પારગીએ મહત્વનો ભાગ ભજવ્યો હતો.

# રાજકોટ થી ઝાલોદ આવતી એસ.ટી. બસમાં યુવકનો મૃતદેહ મળી આવ્યો

દાહોદ,

દાહોદ જીલ્લાના ઝાલોદ નગરમાં રાજકોટથી ઝાલોદ આવેલ એસ.ટી. બસ માંથી એક રાજસ્થાનના યુવક મુસાફરનો મૃતદેહ મળી આવતાં પંથકમાં ચકચાર મચી જવા પામી છે. ઘટનાની જાણ સ્થાનીક પોલીસને કરવામા આવતાં પોલીસ કાફલો ઘટના સ્થળ પર દોડી ગયો હતો. ત્યારે મૃતક યુવકના મોબાઈલ ફોન મારફતે મૃતક યુવકના પરિવારજનોને જાણ કરવામાં આવતાં પરિવાજનો પણ ઘટના સ્થળે દોડી આવ્યાં હતાં ત્યારે



ઘટનાને પગલે પરિવારજનોમાં ગમગીની છવાઈ ગઈ હતી.

આજરોજ ૨૧મી જુનના રોજ સવારે આશરે સાડા છ કલાકના આસપાસ રાજકોટ-દાહોદથી ઝાલોદ આવતી એસ.ટી બસ ઝાલોદ બસ સ્ટેશન મુકામે પહોંચી હતી. જ્યાં એકપછી એક મુસાફરો બસમાંથી ઉતરવા લાગ્યાં હતા, પરંતુ એક મુસાફર પોતાની સીટ પર સુતો હોવાનું બસના કંડક્ટરને જણાતાં બસના કંડક્ટર દ્વારા તેની પાસે જઈ તેને ઉઠાડવાનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ યુવક ન ઉઠતાં કંડક્ટરને કંઈક થયું હોવાની શંકા ગઈ હતી અને યુવક શ્વાસ પણ ન લેતો હોવાથી તેનું મૃત્યુ થયું હોવાને પગલે એસ.ટી. બસના કંડક્ટર દ્વારા તાત્કાલિક ઝાલોદ એસ.ટી. ડેપોની ઓફિસ જઈ વિગતવાર માહિતી આપી હતી. ઘટનાની જાણ સ્થાનીક પોલીસને કરવામાં આવતા પોલીસ કાફલો પણ ઘટના સ્થળે પહોંચી ગયો હતો. જ્યાં મૃત પામેલ યુવકના પાસે મોબાઈલ હોવાથી તેના મોબાઈલથી મૃતક યુવકના પરિવારજનોનો સંપર્ક કરવામાં આવ્યો હતો. મૃતકના પરિવારજનો પાસે માહિતી લેતા મૃતક વ્યક્તિનુ નામ રાકેશ સબુડા ગરાસીયા જણાવેલ હતું તેમજ તે રાજસ્થાનના ગાંગડ તલાઈના સાગન બંગલા ખાતે રહેતો હોવાનુ માલુમ પડેલ હતું. ઝાલોદ પોલીસે મૃતક યુવકના મૃતદેહને નજીકના દવાખાને પીએમ માટે મોકલી દઈ આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.256

# પંચમહાલ આવૃત્તિ

ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર


## હાલોલ પાનેલાવ ચોકડી મીરા ફુટવેરમાં જીલ્લા પુરવઠા અધિકારીની આકસ્મિક ચેકીંગ કરતા ગેસ રીફીલીંગ કૌંભાડ ઝડપાયું




હાલોલ,

હાલોલ પાનેલાવ ચોકડી પાસે મીરા ફુટવેર નામની દુકાનમાં ગેરકાયદેસર ગેસ રીફલીંગ કરતા હોય તેવી બાતમીના આધારે જીલ્લા પુરવઠા અધિકારી હાલોલ મામલતદારની ટીમ સાથે આકસ્મિક ચેકીંગ કરી દુકાન અને ગાડીમાંથી ભરેલા ગેસના બોટલ નંગ-૧૪, ખાલી ગેસ સીલીન્ડર-૨૨ વાહન મળી કુલ ૧,૬૭,૯૦૦/-રૂપીયાનો મુદ્દામાલ ઝડપી પાડી કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવી.

પંચમહાલ જીલ્લા પુરવઠા અધિકારી એચ.ટી.મકવાણાને બાતમી મળી હતી કે, હાલોલ પાનેલાવ ચોકડી પાસે આવેલ મીરા ફુટવેર નામની દુકાનમાં ગેરકાયદેસર રીતે રીફીલીંગ કરવામાં આવે છે. તેવી બાતમીના આધારે જીલ્લા પુરવઠા અધિકારી અને તેમની ટીમ તેમજ હાલોલ મામલતદારની ટીમ દ્વારા સંયુકત રીતે આકસ્મિક ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. ચેકીંગ દરમિયાન મીરા ફુટવેર તોફીક સલીમ મન્સુરીની દુકાન માંથી તેમજ ગાડી માંથી ભરેલા ગેસના બોટલ નંગ-૧૪ તથા ખાલી ગેસના બોટલ નંગ-૨૨ મળી ૩૬ ગેસના બોટલ, ૪૯ રેગ્યુલેટર તથા ૧૬ વાલ્વ તેમજ વાહન નંબર જીજે.૨૩એકસ.૪૩૦૩ સહિત કુલ ૧,૬૭,૯૦૦/-રૂપીયાના મુદ્દામાલ સીઝ કરવામાં આવ્યો. વેપારી તોફીક સલીમ મન્સુરી સામે એલપીજીની ૨૦૦૨ની કંડિકા ૬ અને ૭ ભંગ કરેલ હોય તેમની સામે નિયમોનુસાર કાર્યવાહી હાથ ધરી.

## વેજલપુરમાં મહેસાણાના ખોટા લગ્નના પ્રમાણપત્રના આધારે લગ્ન નોંધણી કરવાના કિસ્સામાં તલાટી કમ મંત્રી સહિત ૬ ઈસમો વિરૂદ્ધ વડનગરમાં ફરિયાદ

વેજલપુર,

વડનગર તાલુકાના સિપોર ગામે સોલંકીવાસમાં રહેતા આરોપી ઈસમે ગામની યુવતિને લગ્નની લાલચ આપી તા.૫/૪/૨૦૨૪ નારોજ અપહરણ કર્યુ હતું. પાલનપુર ખાતે નોટરી વકીલ પાસે જઈ ખોટા-ખોટા સાક્ષી ઉભા કરી તથા ખોટી લગ્ન વિધિ કરાવી બ્રાહ્મણ પાસેથી તે અંગેના સોગંદનામા તથા પ્રમાણપત્ર મેળવી ખોટા પ્રમાણપત્ર મહેસાણાથી બતાવી પંચમહાલના વેજલપુર ગ્રામ પંચાયત તલાટી કમ મંત્રી પાસે લગ્ન નોંધણી તા.૫/૪/૨૦૨૪ના રોજ કરાવી ગુન્હો કરી એકબીજાને મદદગાર કરતા આ બાબતે વેજલપુર ગ્રામ પંચાયત તલાટી કમ મંત્રી સહિત ૬ વિરૂદ્ધ વડનગર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પંચમહાલ જીલ્લાની અનેક ગ્રામ પંચાયતો ખોટા લગ્ન નોંધણીના કિસ્સાઓ સામે આવ્યા છે અને તેના માટે તપાસ કાર્યવાહી કરાઈ રહી છે. ત્યારે પંચમહાલના વેજલપુર ગ્રામ પંચાયત કચેરીમાં તલાટી કમ મંત્રી દ્વારા ખોટી નોંધણી કર્યાનો કિસ્સામાં વડનગર પોલીસ મથકે વેજલપુર તલાટી કમ મંત્રી સહિત ૬ વ્યકિતઓ સામે ફરિયાદ નોંધાવા પામી છે. વડનગર તાલુકાના સિપોર ગામે રહેતા મહિરાજસિંહ કિર્તીસિંહ સોલંકી એ ગામની ફરિયાદીની પૌત્રી આશાબા અજીતસિંહ દશરથસિંહ સોલંકીને લગ્નની લાલચ આપી તા.૫/૪/૨૦૨૪નું ફરિયાદના વાલીપણાં માંથી અપહરણ કર્યું હતું અને પાલનપુર ખાતે ગુનાહીત કાવતરું રચી નોટરી વકીલ સંગીતાબેન ભારસડીયા પાસે જઈને ખોટા સાક્ષીઓ ઉભા કરી તથા ખોટી લગ્નવિધિ કરાવડાવી બ્રાહ્મણ પાસેથી તે અંગેના સોગંદનામા તથા પ્રમાણપત્ર મેળવી લગ્ન અંગેના ખોટા દસ્તાવેજો પાલનપુર ખાતે બનાવડાવી પંચમહાલ જીલ્લાના વેજલપુર ખાતે ગયા વગર લગ્ન અંગેની નોંધણી વેજલપુર ગ્રામ પંચાયતના તલાટી કમ મં બી ગોહિલ રવિન્દ્રસિંહ દોલતસિંહ પાસે લગ્ન નોંધણી નં.૧૧૭/૨૦૨૪તા.૫/૪/૨૦૨૪ની ખોટી નોંધણી કરાવડાવી ગુનો કરતાં આ બાબતે વડનગર સ્માર્ટ પોલીસ મથકે મહિરાજસિંહ કિર્તીસિંહ સોલંકી, નોટરી વકીલ સંગીતાબેન ભારસડીયા, મુકેશકુમાર વિઠ્ઠલભાઈ જોષી, રામસિંગ અગરસિંહ ઠાકોર, પ્રભાતસિંહ મેવુસિંહ ઠાકોર, વેજલપુર ગ્રામ પંચાયત તલાટી રવિન્દ્રકુમાર દોલતસિંહ ગોહિલ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવા પામી છે.

## એલેમ્પિક સી.એસ.આર. ફાઉન્ડેશન દ્વારા યોગ દિવસ નિમિત્તે યોગ કરો ઉજવણી કરી




ગોધરા,

યોગા : પોતાના અને સમાજ માટે એલેમ્બિક સી.એસ.આર. ફાઉન્ડેશન દ્વારા એલેમ્બિક સુપોષણ પ્રોજેકટ અંતર્ગત પાનેલાવ અને એની આસપાસના ૧૫ ગામોમાં સગર્ભા, ધાત્રી માતા, કિશોરીઓ તેમજ બાળકોના આરોગ્ય સ્તરમાં સુધારો થાય તે હેતુથી સંકલિત બાળવિકાસ તેમજ આરોગ્ય વિભાગની સાથે રહીને આરોગ્યલક્ષી કાર્યો કરવામાં આવે છે. યોગા આપણી રોજીંદી જીવનનો ભાગ બને તેમજ લોકોમાં એના ફાયદા અંગે જાગૃતી આવે તે હેતુથી આંતરાષ્ટ્રીય યોગ દિવસ નિમિતે યોગ નિષ્ણાત દ્વારા માર્ગદર્શન આપવામાં આવેલ હતું. જેમાં ૪૫૦ જેટલા લાભાર્થીઓ જેમાં સગર્ભા બેહનો, ધાત્રી માતા, કિશોરીઓ તેમજ બાળકોની સાથે રહી આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવેલ હતી.

## શહેરા સહિત જીલ્લામાં ૧૦૦ કરતાં વધુ સ્થળોએ યોગ દિવસની ઉજવણી કરાઈ



શહેરા,

શહેરા સહિત સમગ્ર જીલ્લામાં ૧૦માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી ૧૦૦ કરતા વધુ સ્થળો ખાતે કરાઈ હતી. નગરમાં આવેલ એસ.જે.દવે હાઈસ્કૂલ ખાતે પ્રાંત અધિકારી તેમજ મામલતદાર સહિત શાળાના વિદ્યાર્થીઓ અહીં ઉપસ્થિત રહીને યોગ કર્યા હતા.

શહેરા નગર અને તાલુકામાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીને લઈને તાલુકા વહીવટી તંત્ર દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. નગર અને તાલુકામાં આવેલી શાળા - કોલેજ વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જ્યારે તાલુકા મથક ખાતે આવેલ એસ.જે. દવે હાઈસ્કૂલ ખાતે પ્રાંત અધિકારી પ્રણવ વિજય વર્ગીય અને મામલતદાર ધર્મેન્દ્ર પટેલ, પોલીસ ઈન્સ્પેક્ટર રાહુલ રાજપુત, તાલુકા આરોગ્ય અધિકારી ભરતભાઈ ગઢવી તેમજ પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીયા વિદ્યાલય ના રતન દીદી, જયા દીદી સહિત શિક્ષકો અને નગર વિસ્તારમાં આવેલી શાળાના વિદ્યાર્થીઓ, પોલીસ સ્ટાફ યોગમાં જોડાઈને યોગ કર્યા હતા. તાલુકા આવેલી પ્રાથમિક અને માધ્યમિક શાળાના મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ સહિત કોલેજ, આઈ.ટી.આઈ. તેમજ વિવિધ સંસ્થાઓ મળીને ૨૦૦ કરતાં વધુ સ્થળોએ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરાઈ હતી.

## શહેરામાં મહિલાઓને વટ સાવિત્રી વ્રતની ઉજવણી કરી



શહેરા,

શહેરા સહિત સમગ્ર જીલ્લામાં સૌભાગ્યવતી મહિલાઓએ વટ વૃક્ષની પૂજા અર્ચના કરી વટ સાવિત્રી વ્રતની ઉજવણી કરી હતી. મહિલાઓએ પૂજા કરી પોતાના પતિના સ્વાસ્થ્ય, આયુ અને સૌભાગ્ય સુખ અક્ષય રહે તેવી કામના કરી હતી. સાવિત્રીએ વટ વૃક્ષની પૂજા કરી પોતાના મૃત પતિને યમરાજનાં આશીર્વાદ થી પાછો મેળવ્યો હતો. જેથી આ દિવસે મહિલાઓ પોતાના અટલ અને અખંડ સૌભાગ્ય માટે વટ વ્રુક્ષની પૂજા કરી. વ્રત કરીને મહિલાઓ સત્યવાન સાવિત્રીની કથા પણ સાંભળે છે.

## પોતાના માટે અને સમાજ માટે યોગનું મહત્વ પર જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો

ગોધરા,

૧૦મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ૨૧ જૂન ,૨૦૨૪ ના રોજ એચ.એન.પટેલ ઉત્તર બુનિયાદી વિદ્યાલય, આંગણીયા, ગોધરા માં કેન્દ્રીય સંચાર બ્યુરો, ગોધરા દ્વારા યોગ અભ્યાસ પર વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.આ કાર્યક્રમમાં ઉપસ્થિત વિદ્યાર્થીઓને પોતાના માટે અને સમાજ માટે યોગનું મહત્વ સમજાવી આયોજીત યોગા અભ્યાસ કાર્યક્રમમાં વિવિધ યોગાસનના ફાયદા વિશે જણાવી શારીરિક તેમજ માનસિક વિકાસ માટે દૈનિક જીવનમાં યોગને સ્થાન આપવા અનુરોધ કર્યો હતો. આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ૨૧, જૂન ૨૦૨૪ના ભાગરૂપે કેન્દ્રીય સંચાર બ્યુરો, ગોધરા દ્વારા વિદ્યાલયના વિદ્યાર્થીઓ વચ્ચે યોગાસન તેમજ ચિત્ર કળાસ્પર્ધા યોજી વિજય સ્પર્ધકોને વિભાગ દ્વારા પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં યોગ જાગૃતિ પર વિભાગના રજીસ્ટર કલાકારો દ્વારા ભવાઈનું પ્રસ્તુતિકરણ કરી વિદ્યાર્થીઓને યોગને જીવનમાં વણી લેવા અનુરોધ કર્યો હતો. કાર્યક્રમના અંતે યોગ પર સામુહિક સંકલ્પ પણ વિદ્યાર્થી ઓને લેવડાવવામાં આવ્યા હતા. હસમુખભાઈ સેલોદ આંગડિયા ગામના આચાર્ય એ કાર્યક્રમના અંતે આભાર પ્રદર્શન વ્યક્ત કર્યુ હતું. આ કાર્યક્રમમાં આંગડિયા ગામના સરપંચ અર્પિતાબેન પસાયા ઉપસ્થિત રહ્યા હતા.

## શહેરા તાલુકાની ગ્રામ પંચાયતોમાં મનરેગાના કામોમાં ગેરરિતીના આક્ષેપ સાથે સ્થળ તપાસ ટી.ડી.ઓ.દ્વારા કરવા આવેદન

શહેરા,

શહેરા તાલુકા પંચાયતના વિરોધ પક્ષના નેતા તથા કાર્યકરો દ્વારા શહેરા તાલુકાના ગ્રામ પંચાયતોમાં એનઆરજી મનરેગા યોજનામાં ચાલતી ગેરરિતીની સ્થળ તપાસ તાલુકા અધિકારી દ્વારા કરવામાં આવે તેવી માંગ સાથે આવેદન આપવામાં આવ્યુ.

શહેરા તાલુકાની દરેક ગ્રામ પંચાયતોમાં એનઆરજી મનરેગા યોજના અંતર્ગત કામોમાં મોટાપ્રમાણમાં ગેરરિતી આચરવામાં આવતી હોય છે ત્યારે મનરેગા અંતર્ગતના કામોના સ્થળની વીડિયોગ્રાફી-ફોટોગ્રાફી સહિત તાલુકા વિકાસ અધિકારી દ્વારા માટી-મેટલની તપાસ કરવામાં આવે. શહેરા તાલુકાના ગામોમાં ચાલતા મનરેગાના કામોમાં આચરતી ગેરરિતીના આક્ષેપ સાથે ગામના જાગૃત નાગરિકો ફોનથી રજુઆત કરતા હોય છે. ટી.ડી.ઓ.દ્વારા સ્થળ તપાસ કરવામાં આવે તેવી માંગ સાથે શહેરા તાલુકા પંચાયતના વિરોધ પક્ષના નેતા અને કાર્યકરો સાથે આવેદન આપવામાં આવ્યુ હતુ.

## ગોધરા સિવિલ હોસ્પિટલના આંખ વિભાગમાં પંખાના અભાવે હોબાળો

ગોધરા,

ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે શહેર અને જિલ્લાભરના દર્દીઓ સારવાર અર્થે આવતા હોય છે. ત્યારે આંખ વિભાગમાં પણ રોજબરોજ અસંખ્ય લોકો આંખની સારવાર માટે આવતા હોય છે. હાલ સિવિલ ખાતે દર્દીઓનો ભારે ધસારો રહેતો હોય છે. ત્યારે દુર દુરથી આંખના વિભાગમાં આવતા દર્દીઓને કાળઝાળ ગરમીમાં પંખા વગર શેકાવવાનો વારો આવ્યો છે. અનેક દર્દીઓ હાથમાં પુંઠાનો પંખો બનાવીને ગરમીમાંથી છુટકારો મેળવવાનો પ્રયાસ કરતા જોવા મળ્યા હતા. આંખની તપાસ કરવામાં આવે છે ડોકટર રૂમની બહાર પણ કતારોમાં મહિલાઓ અને પુરૂષોની લાંબી કતારો લાગવા પામેલ હતી. ગરમીથી કંટાળીને દર્દીઓએ હોબાળો મચાવ્યો હતો. અને પંખા લગાડવા માંગ કરવામાં આવી હતી.

## ગોધરા સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ખાતે મહિલાઓએ સ્વિમિંગ પુલમાં યોગ કરીને અનોખી ઉજવણી કરી



ગોધરા,

૧૦માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે પંચમહાલ જીલ્લામાં જીલ્લા કલેકટર આશિષ કુમારની રાહબરી હેઠળ જીલ્લા અને તાલુકા તથા આઈકોનિક સ્થળ પાવાગઢ સાથે સાથે શાળા કોલજમાં યોગ દિવસની ભવ્ય ઉજવણી કરાઈ હતી. ગોધરા સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ખાતે આવેલા સ્વિમિંગ પુલમાં મહિલાઓએ અનોખી રીતે સ્વિમિંગ પૂલની અંદર યોગ કર્યા હતા. વિશ્વ યોગ દિવસની ઉજવણીના ભાગ રૂપે ૪૦ થી વધુ મહિલાઓએ આ યોગ અભ્યાસમાં ભાગ લીધો હતો અને પાણીમાં યોગના કરતબો દેખાડી સૌ કોઈને આકર્ષિત કર્યા હતા. આ યોગ જોઈ લોકો પણ અભિભૂત બન્યા હતા. પાણીમાં યોગ કરવાથી શરીર માટે અનેક ફાયદાઓ થાય છે. આ તકે જીલ્લા રમત વિકાસ અધિકારી પ્રતાપ પસાયા, ઝોન કોર્ડીનેટર પિન્કીબેન, યોગ કોચ તેજલ પંચાલ, ડિસ્ટ્રિકટ કોર્ડીનેટર સોનલબેન, સિનિયર યોગ કોચ સોનલબેન સાથે યોગ ટ્રેનર અને યોગ ગૃપના તમામ મેમ્બર ઉપસ્થિત રહ્યા હતા.

## ગોધરા નીટ પરીક્ષામાં ચોરીના ષડયંત્રના આરોપી પુરૂષોત્તમ શર્માની નિયમિત જામીન અરજી નામંજુર કરતી કોર્ટ

ગોધરા,

ગોધરા જલારામ સ્કુલમાં નીટ પરીક્ષામાં ચોરીના ષડયંત્રમાં પાંચ આરોપીઓની અટકાયત કરી જ્યુડીશયલ કસ્ટડીમાં મોકલી આપવામાં આવ્યા છે. આ ગુનામાં શાળાના આચાર્ય આરોપી પુરૂષોત્તમ મહાવીર પ્રસાદ શર્માએ કોર્ટમાં નિયમિત જામીન અરજી મુકવામાં આવી હતી. આ જામીન અરજીની સુનાવણી હાથ ધરતાં આરોપીની જામીન અરજી નામંજુર કરાઈ.

ગોધરા જય જલારામ સ્કુલમાં તા.૫/૫/૨૦૨૪ પહેલા કોઈપણ સમયે નીટ પરીક્ષા કેન્દ્રના ડેપ્યુટી સુપ્રિટેન્ડન્ટ તુષાર રજનીકાંત ભટ્ટ તથા પુરૂષોત્તમ મહાવીપ્રસાદ શર્મા આચાર્ય જય જલારામ સ્કુલ ( જે નીટ પરીક્ષાના સીટી કો.ઓર્ડિનેટર પરવડી તથા પડાલ થર્મલ) રાજ્ય સેવક તરીકે ફરજ બજાવતા હોય તેઓએ પોતાના મોબાઈલ ફોન તથા લીસ્ટમાં નણાવેલ પરીક્ષાર્થીઓને પાસ કરવા ગેરરીતિ આચરવા માટે અને અન્ય પરીક્ષા આપનાર પરીક્ષાર્થીઓના ભવિષ્ય સાથે ચેડા કરી આર્થિક લાભ માટે આરોપીઓ પરશુરામ બિન્દનાયરોય તથા વિભોર આનંદ ઉમેશ્વર પ્રસાદસિંગ નાઓ એક પરીક્ષાર્થી દીઠ ૧૦ લાખ રૂપીયા લેવના નકકી કરેલ આરોપી આરીફ વોરા પાસેથી ૭ લાખ ઉપર એડવાન્સ લઈ નીટ પરીક્ષામાં ગેરરીતિ આચરવા ષડયંત્ર આચરવામાઃ આવવાના ગુનામાં પાંચ આરોપી વિરૂદ્ધ ગોધરા તાલુકા પોલીસ મથકે ગુનો નોંધાતા પાંચ આરોપીઓને ઝડપી પાડી રીમાન્ડ મેળવી ષડયંત્રની વિગતો મેળવી હતી અને આરોપીઓને કોર્ટમાં રજુ કરતાં જયુડીશીયલ કસ્ટડીમાં મોકલી આપવામાં આવેલ હોય આરોપીઓ પૈકી પુરૂષોત્તમ મહાવીર પ્રસાદ શર્માએ નિયમીત જામીન મુખ્ય સેશન્સ જજની કોર્ટમાં મુકેલ હતી. આ જામીન અરજી અરજીની સુનાવણી મુખ્ય સેશન્સ જજ સી.કે.ચૌહાણની કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ રાકેશ એસ.ઠાકોર એ વિગતવાર દલીલો રજુ કરતાં આરોપીની જામીન અરજી કોર્ટ દ્વારા નામંજુર કરાઈ.

## પંચમહાલ જીલ્લામાં ૧૦માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની સ્વયં અને સમાજ માટે યોગની થીમ સાથે ઉજવણી



ગોધરા,

૧૦ માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની પંચમહાલ જીલ્લા કક્ષાની ઉજવણી જીલ્લા કલેકટર આશિષ કુમારની રાહબરીમાં ગોધરા સ્થિત પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે જીલ્લા પંચાયતના પ્રમુખ મતી રેણુકાબેન ડાયરા અને રાજ્યસભાના સાંસદ ડો.જશવંતસિંહ પરમારની ઉપસ્થિતિમાં સવારના સુ પ્રભાતે ઉત્સાહ-ઉમંગ સાથે યુવા, વડીલ, પોલીસ જવાનો અને કર્મયોગીઓ દ્વારા ઉજવણી કરાઈ હતી.

જીલ્લા કક્ષાના આ કાર્યક્રમમાં ઉપસ્થિત યોગ સાધકો, પોલીસના જવાનો, સ્વૈચ્છિક સંસ્થાના યોગ સાધકો, શાળાના બાળકો અને નાગરિકોએ ઉપસ્થિત રહીને યોગ કર્યા હતા.ભારતીય સંસ્કૃતિની ધરોહર એવા યોગને વિશ્વ ફલક ઉપર લઈ જઈ દેશના દિર્ઘદ્રષ્ટા નરેન્દ્રભાઈ મોદીએ સમગ્ર વિશ્વના જન જનને આરોગ્યની ગુરૂચાવી આપી છે. તેના કારણે જ આજે સમગ્ર વિશ્વ યોગ દિવસની ઉજવણી કરી રહ્યું છે. યોગને આપણા જીવનનો એક ભાગ બનાવી રોગોને ભગાવી તંદુરસ્ત જીવન શૈલી અપનાવવી જોઈએ. રાજ્ય સરકાર દ્વારા ૨૧મી જૂન, ૨૦૧૯ના રોજ ગુજરાત રાજ્ય યોગ બોર્ડની સ્થાપના કરવામાં આવી હતી. યોગને પણ સ્પોર્ટ્સ તરીકેની માન્યતા આપવામાં આવી છે. જેના પરિણામે નાગરિકો સ્વસ્થ જીવન જીવવામાં માટે પ્રેરિત થયા છે.

ગોધરા ખાતે જીલ્લા કક્ષાના કાર્યક્રમમાં રાજ્ય સભાના સાંસદ જશવંતસિંહ પરમારએ યોગ દિવસની શુભકામનાઓ આપી હતી તેમણે યોગ અને યોગાસન ભિન્ન છે એમ જણાવ્યું હતું. યોગ માનસિક શાંતિની અનુભૂતિ કરાવે છે, યોગ આત્માને પરમાત્મા સાથે જોડવાની સાચી પ્રક્રિયા છે. ઈશ્વરની અનુભૂતિ એ યોગ છે, તેમણે ગીતામાં વણવેલા સવન યોગ,કર્મ યોગ અને ભકિત યોગની સમજણ આપતા જણાવ્યું હતું કે, યમ અને નિયમ વગર કરેલા આસનો કે પ્રાણાયામનું કોઈ મહત્વ નથી એમને સ્વસ્થ સમાજના નિર્માણ માટે યોગ અપનાવવા આહવાન કર્યું હતું.

પંચમહાલ જીલ્લા કલેક્ટર આશિષ કુમારે જણાવ્યું હતું કે, આજે આખા પંચમહાલ જીલ્લામાં પાંચ લાખથી વધુ લોકો સ્વયં અને સમાજ માટે યોગની થીમ માટે યોગ કરવા જોડાયા છે. તેમણે વિદ્યાર્થીઓ સહિત સૌ કોઈને યોગ અપનાવવા પ્રેરણા આપી હતી. ગોધરામાં રાજ્ય યોગ બોર્ડના પિન્કીબેન મેકવાન અને તેમની ટીમ દ્વારા સૌ કોઈને યોગ કરાવ્યા હતા. જીલ્લા રમત વિકાસ અધિકારી પ્રતાપ પસાયા દ્વારા આભાર વિધિ રજૂ કરાઈ હતી. યોગ કાર્યક્રમ વખતે ડી.ડી.ઓ ડી.કે.બારીયા, જીલ્લા પોલીસ અધિક્ષક હિમાંશુ સોલંકી, ગુરૂગોવિંદ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર પ્રતાપસિંહ ચૌહાણ, આર.એ.સી એમ.ડી.ચુડાસમા,જીલ્લા અગ્રણી અશ્વિનભાઈ પટેલ સહિત યોગ સાથે જોડાયેલા પ્રતિનિધિઓ સહિત બહોળી સંખ્યામાં પોલીસ જવાનો અને લોકો જોડાયા હતા.

## આઈકોનિક સ્થળ પાવાગઢ ખાતે ૧૦માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની હર્ષભેર ઉજવણી કરાઈ



ગોધરા,

૨૧ મી જૂન આંતરરાષ્ટ્રીય યોગ દિવસ અંતર્ગત આઈકોનિક સ્થળ તરીકે શક્તિપીઠ પાવાગઢ ખાતે ૧૦માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની હર્ષભેર ઉજવણી કરાઈ હતી. ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા રાજ્યમાં આઈકોનિક સ્થળ પર યોગ દિવસની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અન્વયે પંચમહાલ જીલ્લાના લાખો શ્રધ્ધાળુઓના આસ્થાના કેન્દ્ર પાવાગઢને આઈકોનીક સ્થળ તરીકે જાહેર કરી રાજ્ય સરકાર દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવાનું આયોજન કરાયું હતું. જે અંતર્ગત પાવાગઢ સ્થિત મહાકાળી માતાજીના મંદિર પરિસર ખાતે મોટી સંખ્યામાં લોકો અને શ્રદ્ધાળુઓએ યોગ દિવસની ઉજવણીમાં ભાગ લઈ ભક્તિભાવ સાથે યોગ સાધનામાં સહભાગી થયા હતા. વહેલી સવારે આહલાદક વાતાવરણ વચ્ચે તંદુરસ્તીની કામના સાથે લોકોએ યોગના વિવિધ આસનો સાથે મહાકાળીના આશીર્વાદ સાથે તંદુરસ્તીની કામના કરતાં યોગ સાધનાનો લ્હાવો લીધો હતો. રાજ્ય યોગ બોર્ડ દ્વારા માન્યતા પ્રાપ્ત સિનિયર યોગ કોચ સોનલબેન દરજી અને યોગ કોચ સ્વાતિ બેન દલવાડી દ્વારા યોગના વિવિધ આસનો કરીને લોકોને પ્રેરિત કર્યા હતા. પ્રાચીન ભારતીય પરંપરા દ્વારા માનવજાતને અપાયેલી એક અમૂલ્ય ભેટ એવી યોગ વિદ્યાને વિશ્વ ફલક ઉપર લાવવા માનવજાતને આરોગ્ય, સુખાકારી અને માનવતા તરફ દોરવાના ઉમદા હેતુથી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા સંયુક્ત રાષ્ટ્ર સંઘની ૬૯મી સામાન્ય સભા સમક્ષ ૨૧ મી જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવા કરેલ પ્રસ્તાવને સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા મંજુર કરવામાં આવતા સમગ્ર વિશ્વમાં તા. ૨૧ જૂનના દિવસને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ તકે તાલુકા વહીવટી તંત્ર, મંદિર ટ્રસ્ટના પ્રતીનિધીઓ સહિતના લોકો યોગ દિવસની ઉજવણીમાં સહભાગી થયા હતા.